પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૧૬ ● કુલ પાના : ૪ ● તારીખ : ૦૮-૦૯-૨૦૨૨ ગુરૂવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### દેશના ૭ રાજ્યોમાં આવકવેરા વિભાગના દરોડા

# વેપારીઓ કરચોરી અને રાજકીય ભંડોળના કારણે આવકવેરા વિભાગના રડાર ઉપર હતા

## રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગહેલોતના નજીકના મંત્રી રાજેન્દ્ર યાદવના ૫૩ સ્થળો, યુપીમાં સમાજવાદી ક્રાંતિકારી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષના ઘરે દરોડા




નવીદિલ્હી,

આજે સમગ્ર દેશમાં આવકવેરા વિભાગ એક્શન મોડમાં જોવા મળ્યું હતું અને દિલ્હી, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, મુંબઈ, છત્તીસગઢ, ઉત્તરાખંડ, બેંગ્લોરમાં આઈટી ટીમોએ ઘણા મોટા બિઝનેસ ગ્રુપ પર દરોડા પાડ્યા હતાં. વાસ્તવમાં આ વેપારીઓ કરચોરી અને રાજકીય ભંડોળના કારણે આવકવેરાના રડાર પર હતા. જે બાદ ટીમે બુધવારે સવારે અલગ-અલગ રાજ્યોમાં ૫૩ જગ્યાએ દરોડા પાડ્યા હતા. દરોડામાં ઈક્મટેક્સ વિભાગે ૧૦૦ વાહનોનો ઉપયોગ કર્યો હતો.

રાજસ્થાનમાં મિડ-ડે મીલ કૌભાંડને લઈને મુંબઈ, રાજસ્થાન, ઉત્તરાખંડ અને દિલ્હીમાં પણ આઈટીએ દરોડા પાડ્યા હતાં. આઈટીએ બેંગ્લોરના મણિપાલ ગ્રુપ પર પણ દરોડા પાડ્યા છે. રાજસ્થાનની રાજધાની જયપુરમાં મિડ-ડે મીલમાં કમાણી કરનારાઓના ઘર અને ઓફિસ પર દરોડા પાડવામાં આવ્યા છે.

રાજસ્થાનમાં મિડ-ડે મીલમાં કમાણી કરનારાઓ પર આવકવેરાના દરોડા પડ્યા છે. રાજ્યમંત્રી રાજેન્દ્ર યાદવ અને મિડ ડે મીલ બિઝનેસ ગ્રુપ પર ઈક્મટેક્સ દ્વારા દરોડા પાડવામાં આવ્યા છે. રાજેન્દ્ર યાદવની કોટ પુતલીમાં ન્યુટ્રિશનલ ફેક્ટરી છે. આવકવેરાના દરોડામાં ૩૦૦થી વધુ પોલીસકર્મીઓ સામેલ હતાં. સુરક્ષા માટે સીઆરપીએફના જવાનોને પણ સાથે લેવામાં આવ્યા હતાં. સવારે આવકવેરાની ટીમ વેપારી જૂથના રહેઠાણ, ઓફિસ અને અન્ય સ્થળોએ પહોંચી હતી.

બેંગ્લોરમાં પણ મણિપાલ ગ્રુપ પર આઈટીના દરોડા પડ્યા છે. બેંગ્લોરમાં ૨૦ થી વધુ જગ્યાએ આઈટીની તપાસ ચાલી હતી દરેક વ્યક્તિ પર ટેક્સ ચોરીનો આરોપ છે. મિડ ડે મિલ કૌભાંડ કેસમાં મુંબઈમાં પણ આવકવેરાના દરોડા પડયા હતાં અહીં આઈટીની ટીમોએ ૪-૫ જગ્યાએ દરોડા પાડયા હતાં ઉત્તર પ્રદેશમાં પણ લગભગ બે ડઝન સ્થળો પર દરોડા પાડવામાં આવ્યા છે છત્તીસગઢમાં દારૂના વેપારી અમોલક ભાટિયા સહિત ઘણા લોકોના સ્થળો પર દરોડા પાડવામાં આવ્યા હતાં યુપીમાં સમાજવાદી ક્રાંતિકારી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ ગોપાલ રાયના ઘરે આવકવેરા વિભાગ કાર્યવાહી કરી હતી, રાયપુરમાં દારૂના વેપારી અમોલક સિંહ ભાટિયાના ઘર પણ દરોડા પડયા છે.

માહિતી અનુસાર, આવકવેરા વિભાગે રાજકીય પક્ષોના નામે દાન વસૂલવા સંબંધિત મામલામાં છેતરપિંડી કરનારાઓ વિરુદ્ધ મોટી કાર્યવાહી કરી છે. આવકવેરાના સૂત્રોના જણાવ્યા અનુસાર આ કરચોરી અને કરોડો રૂપિયાની છેતરપિંડીનો મામલો છે.

ગુજરાતના અમદાવાદના ગોતા વિસ્તારની સિલ્વર ઓક યુનિવર્સિટીમાં પણ દરોડો પાડવામાં આવ્યો છે. આ કારણે વિદ્યાર્થીઓ અને સ્ટાફના કર્મચારીઓને રજા આપી દેવામાં આવી હતી. સિલ્વર ઓક યુનિવર્સિટીને તાજેતરમાં જ માન્યતા મળી છે અને તેમાં એન્જિનિયરિંગના નવા કોર્સ શરૂ કરીને એડમિશન્સ આપવામાં આવ્યા છે. અનેક મોટા ટ્રાન્ઝેક્શન્સ અને રાજકીય ફન્ડિંગ ધ્યાને આવતા આઈટી વિભાગે ડોક્યુમેન્ટ્સ અને ડિજિટલ ડેટાની તપાસ હાથ ધરી છે. ત્યારે કરોડો રૂપિયાની ટેક્સ ચોરી સામે આવી શકે છે.

બ્લેક મની એટલે કે, કાળા નાણાંને વ્હાઈટ કરવા માટેના ગોરખધંધાનો પર્દાફાશ કરવા માટે આ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. રાજકીય ફંડ અંગેના આ મેગો આપરેશન અંતર્ગત ગુજરાત સહિત દેશભરમાં ૧૦૦થી પણ વધારે સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા છે.

આવકવેરા વિભાગે થોડા સમય પહેલા જ માત્ર કાગળ પર અસ્તિત્વ ધરાવતા રાજકીય પક્ષોને ડોનેશન આપનારા રાજ્યના ૪,૦૦૦ જેટલા કરદાતાઓને નોટિસ ફટકારવા માટે તૈયારીઓ હાથ ધરી હતી. આઈટી વિભાગે રાજકીય પક્ષોના હિસાબો અને ડિક્લેરેશનની તપાસ કરી હતી જેમાં અનેક પક્ષો સક્રિય રાજકારણમાં કોઈ ભૂમિકા ન ધરાવતા હોવાનું સામે આવ્યું હતું.

આવા ભૂતિયા પક્ષો વ્હાઈટમાં ડોનેશન મેળવે છે અને ૧૦-૨૦ ટકા જેટલું કમિશન બાદ કરીને બાકીની રકમ રોકડમાં પરત કરી દેતા હોય છે. જોકે ટેક્સ બચાવવા માટે આવા પક્ષોને ડોનેશન આપનારાઓ હવે સકંજામાં આવી રહ્યા છે.

આ પ્રકારની 'કેશ બેક'ની મોડસ ઓપરેન્ડી સમજવા માટે અનેક નાના અને સ્થાનિક રાજકીય પક્ષો સામે મોટા પાયે એક્શન લેવામાં આવેલી છે. આઈટી વિભાગના અધિકારીઓએ વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન ૨,૦૦૦ કરોડના શંકાસ્પદ વ્યવહારો અને ૩૦ કરોડ રૂપિયા રોકડા જપ્ત કર્યા હતા. સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સીસને પણ તે અંગે રિપોર્ટ મોકલવામાં આવેલો હતો.

આ પ્રકારના ભૂતિયા રાજકીય પક્ષો કમિશન કાપીને બાકીની રકમ રોકડમાં પરત કરતા હોય છે. કલમ ૮૦ જીજીબી અંતર્ગત રાજકીય પક્ષોને આપવામાં આવતા દાન પર ઈક્મ ટેક્સ બાદ મળે છે. આ કારણે પેઢીઓ કે પછી ટેક્સ પેયર્સ તેનો ફાયદો ઉઠાવવા માટે આવા ભૂતિયા રાજકીય પક્ષોને ચેકમાં ડોનેશન આપે છે. બાદમાં આવા પક્ષો ચેક દ્વારા મળેલી રકમમાંથી ૧૦-૨૦ ટકા જેટલું કમિશન કાપીને બાકીની રકમ રોકડમાં પરત કરી દેતા હોય છે.

# જામનગરમાં ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના નામે કૌભાંડ કરતી ગેંગ પાસેથી ૧૧ મોંઘીદાટ કાર મળી



જામનગર,

જામનગર શહેરમાં ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના નામે વાહન માલિકોને એરપોર્ટમાં વાહન કોન્ટ્રાક્ટ ઉપર રખાવી આપવાની લાલચ આપી મૂળ માલિકના વાહન બારોબર વેચી અથવા ગીરવી રાખી છેતરપિંડી આચરતી ગેંગ પકડાઈ છે. ગેંગના બે સભ્યોને ૧૧ વાહન કિંમત રૂ. ૮૪ લાખના મુદ્દામાલ સાથે સીટી સી ડિવિઝન સર્વેલન્સ સ્કોડે ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગેની વિગત મુજબ, જામનગર સિટી-સી પોલીસમાં અરજદારો દ્વારા તેમના વાહનો એરપોર્ટમાં ભાડે રખાવી સારું વળતર આપવાની લાલચ આપી રાજકોટના તમામ આરોપી અવેશ ઈકબાલ આરંભડા, સરફરાઝ ઉર્ફે રાજ હેદરઅલી ખોડ તથા મહમદ હુસૈન ઉર્ફે સમીર અકબર ખોડ નામના શખ્સોએ વિશ્વાસઘાત તથા છેતરપિંડી કરી હોવાની અરજી થઈ હતી. સિટી-સી પોલીસે રાજકોટમાં તપાસ હાથ ધરતાં સરફરાઝ ઉર્ફે રાજ હેદરઅલી ખોડ તથા મહમદ હુસેન ઉર્ફે સમીર અકબર ખોડ નામના બે શખ્સોને ઝડપી લીધાં છે.

આ કેસમાં ઝડપાયેલા આરોપીઓ જેમાં એક આરોપી જામનગર શહેરમાં ટ્રાવેલ્સનો વ્યવસાય કરે છે, જ્યારે અન્ય બે આરોપીઓ રાજકોટમાં ટ્રાવેલ્સનો વ્યવસાય કરે છે. જેના દ્વારા દ્વારા વાહન માલિકોને અલગ અલગ ભાવે ઊંચા ભાવો અપાવી અને છેતરપિંડી તેમજ લાલચ આપવામાં આવતી હતી. જ્યારે આ કેસમાં ફરાર આરોપીઓને ઝડપી પાડવા માટે જામનગર પોલીસ દ્વારા ચક્રો ગતિમાન કર્યા છે અને હજુ કેટલા વાહન માલિકો આ ઠગોના ભોગ બન્યા છે, તે અંગે પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે

પકડાયેલ આરોપીઓમાં સરફરાજ ઉર્ફે રાજ હૈદરઅલી, ટુર્સ ટ્રાવેલ્સનો વ્યવસાય, રાજકોટ અને મહમંદહુસૈન ઉર્ફે સમીર અકબરભાઇ ખોડ, ડ્રાઈવિંગનો વ્યવસાય, રાજકોટનો સમાવેશ થાય છે જે કંપનીના કારો પકડાઇ છે તેમાં હ્યુન્ડાઇ,હોન્ડા,રેનોલ્ટ કંપનીની મારૂતિની રોયલ એનફીલ્ડ બુલેટનો સમાવેશ થાય છે

# POK પાસે ૨૫૦થી વધુ આતંકીઓ ભારતમાં ઘુસવાની તૈયારીમાં બેઠા છે, એલર્ટ જારી કરાયું



નવીદિલ્હી,

પાકિસ્તાનના અંકુશ હેઠળ કાશ્મીરમાં ૨૫૦થી વધુ આતંકીઓ ભારતમાં ઘુસવા માટે ટાંપીને બેઠા છે તેવી બાતમી ઈન્ટેલિજેન્સે આપી છે. જેને પગલે સલામતી સંસ્થાઓ એલર્ટ થઈ છે અને ચોકી પ્હેરો વધારી દીધો છે. કેરન સેક્ટરમાં સૈનિકો ભારે સતર્કતા દાખવી રહ્યા છે. હવે આ મોરચે સૈનિકોને દુશ્મન પાડોશની સાથે સાથે આવી રહેલા શિયાળાની ઋતુ સામે મોરચો માંડવો પડશે.

સેનાએ દાવો કર્યો છે કે છેલ્લાં અનેક વર્ષોમાં ઘુસણખોરી ઘટી છે, પરંતુ પત્રકારો સાથેની વાતચીતમાં અધિકારીઓએ કહ્યું હતું કે ઈન્ટેલિજન્સની બાતમી એવી છે કે એલઓસી પર આવેલાં વિવિધ લોન્ચ પેડ્સ પર આશરે ૨૫૦થી વધુ આતંકીઓ ભારતમાં ઘુસવા માટે સજ્જ છે. સેનાના એક અધિકારીએ કહ્યું હતું કે અમે આવા તત્વોને ફાવવા નહિ દઈએ. ઉલ્લેખનીય છે કે આતંકીઓની ઘુસણખોરી ઉપરાંત સેના સરહદથી ડ્રગ્સની હેરફેર અંગે પણ ચિંતિત છે. સેનાના એક અધિકારીએ જણાવ્યું હતુ કે અમે આતંકીઓની ઘુસણખોરી સાથે શસ્ત્રો અને ગોળા બારૂદની હેરાફરી ઉપરાંત નાર્કોટિક્સના સ્મગલિંગ પર પણ બારીકાઈથી નજર રાખી રહ્યા છીએ.

દરમિયાન આતંકી સંગઠન હિઝબુલ મુજાહિદીનના બે આતંકીઓ જમ્મુ-કાશ્મીરના અનંતનાગ જિલ્લામાં એક એક્રાઉન્ટરમાં ઠાર મરાયા છે. સલામતી દળોએ જિલ્લાના પોશક્રીરી વિસ્તારમાં કોર્ડન અને સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. સર્ચ ઓપરેશન હાથ ધરાઈ રહ્યું હતું ત્યારે છુપાયેલા આતંકીઓએ સલામતી દળો પર ફાયરિંગ શરૂ કરી દીધું હતું જેના પગલે ગોળીબાર શરૂ થયો હતો. જેમાં બે આતંકી ઠાર મરાયા હતા. આ બન્ને આતંકીઓની ઓળખ ડેનિશ ભાટ અને કોકબ ડ્યુરી તરીકે થઈ છે.

એ યાદ રહે કે પાકિસ્તાની રેન્જરોએ મંગળવારે સવારે યુદ્ધવિરામનો ભંગ કર્યો છે. તેણે બીએસએફના સૈનિકોને નિશાન બનાવી જમ્મુ-કાશ્મીરની આંતરરાષ્ટ્રીય સરહદ પાસે જમ્મુ જિલ્લાના અર્નિયામાં આડેધડ ફાયરિંગ કર્યું હતું. જોકે બીએસએફે પણ તેને સામે ફાયરિંગ કરીને યોગ્ય જવાબ આપ્યો હતો. ઉલ્લેખનીય છે કે ૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૧ના રોજ જમ્મુ-કાશ્મીરની સરહદે ભારત અને પાકિસ્તાને યુદ્ધવિરામની સંધિ કરી હતી. બીએસએફના ડેપ્યુટી આઈજી એસ પી એસ સંધુએ કહ્યું હતું કે 'બીએસએફના એલર્ટ જવાનોએ પાકિસ્તાની રેન્જરોએ કરેલા આડેધડ ફાયરિંગનો યોગ્ય જવાબ આપ્યો હતો.' જોકે આ ઘટનામાં કોઈ ખુવારી કે ઈજાનો અહેવાલ નથી. મોહમ્મદ શાબાદ (૪૫) નામનો સિયાલકોટનો રહેવાસી ભારતમાં ઘુસવાનો પ્રયાસ કરી રહ્યો હતો. તેની પર બીએસએફ જવાનોએ ફાયરિંગ કર્યું હતું. પરંતુ તે ફેન્સિંગ ગેટની પાછળ સંતાઈ ગયો હતો અને પછી પકડાયો હતો.

# અમદાવાદમાં સામૂહિક આત્મહત્યા, પોલીસ કોન્સ્ટેબલ પત્ની અને ૩ વર્ષની દીકરી સાથે ૧૨ માં માળથી કૂદી ગયા



અમદાવાદ,

અમદાવાદમાં હચમચાવી દે તેવો સામૂહિક આત્મહત્યાનો કિસ્સો બન્યો છે. એક પોલીસ કર્મીએ પોતાના નાનકડા પરિવાર સાથે સામુહિક આપઘાત કર્યો છે. પોલીસ કોન્સ્ટેબલે તેમની પત્ની અને ત્રણ વર્ષની માસુમ દીકરી સાથે મોડી રાત્રે બે વાગ્યે એપાર્ટમેન્ટના બારમા માળેથી નીચે કૂદી મોત વ્હાલુ કર્યું છે. પોલીસ પરિવારે ગોતાના દીવા હાઈટ્સના બારમા માળેથી નીચે પડતું મૂકી સામૂહિક આત્મહત્યા કરી છે. વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં એકાઉન્ટ શાખામાં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ કુલદીપસિંહ ભરતસિંહ યાદવે પોતાના પરિવાર સાથે આત્મહત્યાનુ પગલુ લેતા પોલીસ બેડામાં શોકની લાગણી ફરી વળી છે. કુલદીપ યાદવે પત્ની રિદ્ધિબેન તથા ૩ વર્ષની દીકરી આકાંક્ષા સાથે મોડી રાત્રે બે વાગ્યે આપઘાત કર્યો છે. આપઘાત કરવા પાછળનું કારણ હજી સામે આવ્યું નથી. સોલા હાઈકોર્ટ પોલીસે વધુ તપાસ શરૂ કરી છે. પોલીસ પરિવારે આત્મહત્યા કરી હોય તેવો આ પહેલો કિસ્સો છે. સરળ અને શાંત સ્વભાવના કુલદીપસિંહ યાદવે કેમ આવું પગલુ ભર્યું તે સમજી શકાયું નથી. તેઓ ભાવનગરના સિહોર પાસેના વડીયાના રહેવાસી હતા, અને પત્ની અને દીકરી સાથે અમદાવાદના ગોતા વિસ્તારમાં રહેતા હતા. કુલદીપસિંહની પડોશમાં જ તેમના સગા બનેવી રહે છે, જે સોલા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવે છે તેમને પણ અંદાજ ન હતો કે કુલદીપસિંહ અને તેમના પત્ની આવું પગલું ભરશે.

# શિવસેના કોની... મુદ્દે સુપ્રીમ કોર્ટ આગામી સુનાવણી ૨૭ સપ્ટેમ્બરે કરશે

મુંબઈ,

મહારાષ્ટ્રમાં મુખ્યમંત્રી એકનાથ શિંદે અને શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે વચ્ચેના વિવાદ માટે ૨૭ સપ્ટેમ્બર મહત્વનો દિવસ સાબિત થઈ શકે છે. સુપ્રીમ કોર્ટ રાજ્યના રાજકીય સંકટ સાથે જોડાયેલી અરજીઓ પર સુનાવણી કરવા જઈ રહી છે. એવુ કહેવાતુ હતુ કે બુધવારે જ આ અરજીઓ મુદ્દે કોર્ટ સુનાવણી કરી શકે છે. શિંદે કેમ્પના વકીલ નીરજ કિશન કૌલ તરફથી કેસમાં તત્કાલ સુનાવણીની વિનંતી કરવામાં આવી હતી.

મહત્વની વાત એ છે કે અગાઉ પાંચ સભ્યોની બેન્ચ તરફથી ૨૫ ઓગસ્ટે સુનાવણી કરવાની હતી, પરંતુ અત્યારસુધી સુનાવણી થઈ નથી. આને આગામી બીએમસી ચૂંટણીને ધ્યાનમાં રાખતા પણ મહત્વનુ માનવામાં આવી રહ્યુ છે. શિવસેનામાં દશેરા રેલીને લઈને પણ વિવાદ ચાલુ છે.

મહારાષ્ટ્રમાં લગભગ ૫૦ ધારાસભ્યોનુ સમર્થન પ્રાપ્ત કરી ચૂકેલુ શિંદે જૂથ પોતાને 'અસલી શિવસેના' ગણાવી રહ્યા હતા. જે બાદ ઠાકરેના નેતૃત્વવાળા જૂથે સુપ્રીમ કોર્ટના શરણ લીધા, જ્યાં સીએમ શિંદેને સરકારમાં બોલાવવાના રાજ્યપાલ ભગતસિંહ કોશ્યારીના નિર્ણયને પડકારવામાં આવ્યો હતો. સાથે જ ઠાકરે કેમ્પએ શિંદેનુ સમર્થન કરી રહેલા ધારાસભ્યોને અયોગ્ય ઠેરવવાની માગ પણ કરી હતી. શિંદે કેમ્પ તરફથી અસલી શિવસેનાની માન્યતા મેળવવા માટે અરજી કરવામાં આવી હતી.

# ભારતમાં વેચાતી ૪૪ ટકા એન્ટીબાયોટીકને મંજૂરી જ નથી : લાન્સેટના રિપોર્ટમાં ખુલાસો

કોચી,

ભારતીયો વધુ માત્રામાં એન્ટીબાયોટીકનું સેવન કરે છે અને તેમાંથી ૪૪ ટકા એન્ટીબાયોટીકને સરકારની મંજૂરી ન હોવાનું લાન્સેટના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે. ભારતની ખાનગી હોસ્પિટલોમાં એન્ટીબાયોટીકના વેચાણ વિશે સંશોધકોએ કોવિડ કાળ પૂર્વે ૨૦૧૯માં તપાસ કરી હતી અને તેમાં માલુમ પડ્યું હતું કે મોટાભાગની અયોગ્ય રીતે આપવામાં આવતી હતી.

ભારતીયોમાં એન્ટીબાયોટીક દવાઓની અસર પણ ઓછી થવા લાગી હોવાના સંકેતો વચ્ચે આ રિસર્ચ રિપોર્ટ ઘણો મહત્વનો બની જાય છે. સંશોધન પત્રના મુખ્ય લેખક ડો. મોહમ્મદ શફીએ કહયું કે એઝીથ્રોમાઈસીન સહિતની એન્ટીબાયોટીકનું ભારતમાં મોટાપાયે સેવન થાય છે. એકથી વધુ બેકટેરીયલ ઈન્ફેકશન હોય અથવા કોઈ દર્દીને વધુ પડતું જોખમ હોય તો તેવા સંજોગોમાં જ આ પ્રકારની એન્ટીબાયોટીકનો ઉપયોગ કરવામાં આવતો હોય છે પરંતુ લોકોને સામાન્ય વાઈરલ ઈન્ફેકશનમાં પણ તે આપી દેવામાં આવે છે.

રિપોર્ટમાં એવો ખુલાસો કરવામાં આવ્યો છે કે ૪૪ ટકા એન્ટીબાયોટીકને સરકારની મંજૂરી નથી છતાં તેનો ઉપયોગ કરવામાં આવે છે. ભારતમાં ૧૦૯૮ ફોર્મ્યુલેશન અને ૧૦૧૦૦ બ્રાન્ડની એન્ટીબાયોટીકનું વેચાણ થાય છે તેમાંથી માત્ર ૪૬ ટકા બ્રાન્ડને જ સેન્ટ્રલ ડ્રગ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશનની મંજૂરી છે. કંપનીઓ કેન્દ્રીય નિયમનકારની મંજુરી વિના જ માત્ર રાજ્યોનાં માર્કેટીંગ લાયસન્સ મેળવીને કારોબાર શરુ કરી દે છે. કેન્દ્ર અને રાજ્યોની એજન્સીઓનાં અધિકારોની વિસંગતતાને કારણે મંજુરી વિના જ વેચાણ ઉપયોગ બેરોકટોક છે.

# પંજાબના ફાઝિલ્કા ગામમાંથી ૩૮ કરોડ રૂપિયાનું હેરોઈન જપ્ત કરવામાં આવ્યું

ચંડીગઢ,

બીએસએફને સરહદ પર ફેન્સીંગની પેલે પાર ખેતરમાં છુપાયેલ હેરોઈનના ચાર પેકેટ મળ્યા છે. આ પેકેટો પાકિસ્તાની દાણચોરો દ્વારા રાખવામાં આવ્યા હતા, જે ભારતીય દાણચોરો દ્વારા ઉપાડીને ફેન્સીંગની આ બાજુ લાવવાના હતા. આ હેરોઈનનું વજન ૩ કિલો ૭૮૦ ગ્રામ હોવાનો અંદાજ છે.તેની અંદાજિત કિમત ૩૮ કરોડ છે. બીએસએફ અધિકારીઓએ તે ખેડૂતની પૂછપરછ શરૂ કરી જેના ખેતરમાંથી હેરોઈન મળી આવ્યું હતું.

બીએસએફ બટાલિયન-૬૬ના અધિકારીઓના જણાવ્યા અનુસાર, તેમને ગુપ્ત માહિતી મળી હતી કે પાકિસ્તાની દાણચોરોએ ભારતીય ખેતરોમાં હેરોઈનના કન્સાઈનમેન્ટ છુપાવ્યા છે, જે ભારતીય દાણચોરો દ્વારા મંગાવવામાં આવ્યા હતા. બીએસએફે સરહદને અડીને આવેલા ઝાંગઢ ભૈની અને રામ સિંહ વાલી ગામો વચ્ચેના વિસ્તારમાં સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. જવાનોને ફેન્સીંગ ફીલ્ડમાંથી પ્લાસ્ટિકના પરબિડીયુંમાંથી હેરોઈનના ચાર પેકેટ, પીળી ટેપવાળા ત્રણ પેકેટ અને પ્લાસ્ટિકના પરબિડીયુંમાં સીલબંધ એક પેકેટ મળી આવ્યું છે. હેરોઈનનું વજન ૩ કિલો ૭૮૦ ગ્રામ છે. બીએસએફ એ ખેડૂતની પૂછપરછમાં વ્યસ્ત છે કે જેના ખેતરમાંથી હેરોઈનના પેકેટ મળી આવ્યા છે.

# દિલ્હીમાં આ વખતે પણ દિવાળી પર નહીં ફોડી શકાય ફટાકડા : પર્યાવરણ મંત્રીએ ફટાકડા પર પ્રતિબંધ લગાવ્યો

નવીદિલ્હી,

દિલ્હીમાં પ્રદૂષણના કારણે આ વખતે પણ દિવાળીમાં ફટાકડા પર પ્રતિબંધ રહેશે. આ જાણકારી પર્યાવરણ મંત્રી ગોપાલ રાયે આપી છે. દિલ્હીના પર્યાવરણ મંત્રી ગોપાલ રાયે ટ્વિટ કરીને કહ્યું કે, દિલ્હીમાં લોકોને પ્રદૂષણના ખતરાથી બચાવવા માટે ગત વર્ષની માફક આ વર્ષે પણ ફટાકડા ઉત્પાદન, વેચાણ અને સંગ્રહ તથા ઉપયોગ કરવા પર પ્રતિબંધ લગાવવામાં આવી રહ્યો છે.

ગત વર્ષે આ મામલો કોર્ટમાં પહોંચ્યો હતો. સુપ્રીમ કોર્ટે ફટાકડા પર બેન મામલે એનજીટીના આદેશમાં દખલ કરવાનો ઈક્રાર કર્યો હતો. કોર્ટે કહ્યું કે, એનજીટીના આદેશમાં સ્પષ્ટ છે કે, જે વિસ્તારમાં હવાની ગુણવત્તા ખરાબ હશે, ત્યાં ફટાકડાના વેચાણ અને ચલાવવા પર પ્રતિબંધ રહેશે. જે વિસ્તારમાં એક ક્વાલિટી સારી રહેશે, ત્યાં મંજૂરી આપી શકાય છે. સુપ્રીમ કોર્ટે એનજીટીના આદેશ વિરુદ્ધની અરજીને ફગાવી દીધી હતી.

જસ્ટિસ એએમ ખાનવિલકર અને જસ્ટિસ સંજીવ ખન્નાની બેન્ચે કહ્યું હતું કે, ફટાકડાનું સ્વાસ્થ્ય પર કેટલી ખરાબ અસર પડે છે, તેના માટે કોઈ અધ્યયન કે શોધની જરુર નથી. શુ અમને આપના ફેફસા પર ફટાકડાના પ્રભાવને સમજવા માટે આઈઆઈટીની જરુર છે ? આ સામાન્ય જ્ઞાન છે. અમે ૨૦૧૭થી એક લાંબી સફર કાપી ચુક્યા છીએ.

# બ્રિટનનાં વડાપ્રધાન તરીકે લિઝ ટ્રૂસે પદભાર ગ્રહણ કર્યો



લંડન,

કન્ઝર્વેટિવ પાર્ટીના નેતા લીઝ ટ્રસ ઔપચારિક રીતે બ્રિટનના નવા વડાપ્રધાન બન્યા છે.ક્વીન એલિઝાબેથ-૨એ તેમને આ હોદ્દા પર નિમણૂક કરી હતી.આ સાથે તેમને બ્રિટનના ત્રીજા મહિલા વડાપ્રધાન બનવાનું ગૌરવ પ્રાપ્ત થયું છે.ટ્રસ બ્રિટનના રાણીને મળવા સ્કોટલેન્ડ ખાતેના એબરડીનશાયર પહોંચ્યા હતા જ્યાં ક્વીન એલિઝાબેથે તેમને ઔપચારિક રીતે નવી સરકાર રચવા જણાવ્યું હતું. આ અગાઉ બોરિસ જ્હોન્સને ક્વીનની હાજરીમાં ઔપચારિક રીતે બ્રિટિશ સરકારના વડા તરીકે રાજીનામું આપ્યું હતું.ટ્રસ ક્વીન એલિઝાબેથ-૨ના શાસનમાં બ્રિટનના ૧૫મા વડાપ્રધાન છે.પ્રથમ વડાપ્રધાન વિન્સ્ટન ચર્ચિલ હતા જેમણે ઈસ.૧૯૫૨માં હોદ્દો સંભાળ્યો હતો.

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
સાગટાળા વિ.મો.ક. ખે.વિ.સ.મં.
તરફથી અભીનંદન....
મુ. ડભવા,
તા. દે.બારીઆ,
જી. દાહોદ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
અલસીંગ એમ. શીંગોડ
તરફથી અભીનંદન....
મુ. કેળકુવા,
તા. દે.બારીઆ,
જી. દાહોદ

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લામાં રાષ્ટ્રીય પોષણ માસ અંતર્ગત પોષણ રેલી યોજાઇ

લુણાવાડા,

'પોષણ અભિયાન' અંતર્ગત રાજ્યભરમાં ૩૦ સપ્ટેમ્બર સુધી પોષણ માસની ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે મહીસાગર જિલ્લામાં પોષણ માહની ઉજવણી કરવામાં આવી રહી છે જેમાં પોષણની વિવિધ થીમ હેઠળ મહિલા અને સ્વાસ્થ્ય, બાળકો અને શિક્ષણ, જાતિગત સંવેદનશીલતા, જળ સંરક્ષણ અને વ્યવસ્થાપન, આદિજાતિ વિસ્તારમાં મહિલાઓ અને બાળકો માટે પરંપરાગત ખોરાક જેવી વિવિધ થીમ આધારિત પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે.



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

ભારત સરકારના મહીલા અને બાળવિકાસ મંત્રાલય દ્વારા પોષણ માસની ઉજવણીના ભાગ રૂપે સપ્ટેમ્બર મહિનાને મહીસાગર જિલ્લામાં રાષ્ટ્રીય પોષણ માસ તરીકે ઉજવવાનું આયોજન કરવામાં આવેલ છે. તે અંતર્ગત પોષણ તહેવારની ઉજવણી રૂપે મહીસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા ખાતે જિલ્લા કલેક્ટર ડો.મનીષકુમાર, જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણી, આઈ.સી.ડી.એસ. અધિકારી શિલ્પાબેન ડામોર, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી બારીયા,જિલ્લા આરોગ્ય અધિકારી અને મહાનુભાવોની ઉપસ્થિતીમાં પ્રતિજ્ઞા લીધા બાદ પોષણ તહેવાર રેલીને જિલ્લા કલેક્ટરએ લીલી ઝંડી આપી રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું.

મહીસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા ખાતે પોષણ અભિયાનને પોષણ તહેવાર બનાવવા માટે આજે જિલ્લા પંચાયત ભવન ખાતેથી મહાનુભાવો તેમજ જિલ્લા પંચાયતના તમામ વર્ગોના અધિકારીઓ, સહિત મોટી સંખ્યામાં આંગણવાડી કાર્યકર બહેનો રાષ્ટ્રીય પોષણ માસ દરમ્યાન પ્રત્યેક ઘર સુધી પોષણનો સંદેશો, જાગૃતિ પ્રસરાવવા પ્રતિજ્ઞા લીધી હતી. આમ જિલ્લાના પંચાયત કચેરી મહિસાગર થી લુણાવાડા ખાતે આવેલ જનરલ હોસ્પિટલ સુધી રેલી યોજાઇ હતી. પોષણ માસ રેલી જે માર્ગો પરથી પસાર થઈ તે માર્ગો પર નાગરીકોમા પોષણ અભિયાનનો સંદેશો અને જાગૃતિનો સંદેશો પાઠવ્યો હતો.



પોષણ માહ ૨૦૨૨ અંતર્ગત જિલ્લા કક્ષાનો વાનગી હરીફાઈ કાર્યક્રમ જિલ્લા પંચાયત મિટિંગ હોલ ખાતે જિલ્લા વિકાસ અધિકારી કે.ડી. લાખાણી ની ઉપસ્થિતમાં યોજાયો. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરવામાં આવેલ રાષ્ટ્રવ્યાપી પોષણ અભિયાન અંતર્ગત દર વર્ષે સપ્ટેમ્બર માસમાં પોષણ જન આંદોલન માટે રાષ્ટ્રીય પોષણ માહની ઉજવણી કરવામાં આવે છે. આ ઉજવણીના ભાગરૂપે સમગ્ર રાજ્યમાં પાંચમા પોષણ માસનો પ્રારંભ મહિલા અને સ્વાસ્થ્ય,બાળકો અને શિક્ષણ, પોષણ ભી પઢાઈ ભી, જાતિગત સંવેદનશીલતા, જળ સંરક્ષણ અને વ્યવસ્થાપન, આદિજાતિ વિસ્તારમાં મહિલાઓ અને બાળકો માટે પરંપરાગત ખોરાક જેવી વિવિધ થીમ આધારિત પ્રવુર્તિઓ થઈ રહી છે.

## સંતરામપુર ખાતેથી ડુપ્લીકેટ મહેંદીના કિસ્સામાં આમદાવાદના વેપારીની અટકાયત કરી કોર્ટમાં રજુ કર્યા

સંતરામાપુર,

સંતરામપુરમાં ડુપ્લીકેટ મહેંદીના વેચાણ કરતાં વેપારીને પોલીસે ઝડપી તપાસ કરતાં રેલો અમદાવાદ સુધી પહોંચ્યો. અમદાવાની જેબા માર્કાની કોપી કરતાં વેપારીની અટકાયત કરી કોર્ટમાં રજુ કરાયો.



સંતરામપુર પોલીસ દ્વારા બે માસ અગાઉ ડુપ્લીકેટ મહેંદીનું વેચાણ કરતાં વેપારીને ત્યાં રેઈડ કરી ૭૪ પેકેટ કબ્જે લેવામાં આવ્યા હતા. તેની ગોધરાના વેપારી સાથે સંપર્ક કરી તપાસ હાથ ધરવામાં આવી હતી. અમદાવાદ કાલુપુરના સદારામ તગાજી જે મલતાની પોળમાં દુકાન ધરાવે છે. એક્સેલ ઈમ્પેક્ષ ગુજરાત પ્રા.લી. કંપનીની જેબા માર્કા વાળી અને કોપી કરી કરી ડુપ્લીકેટ મહેંદીનું વેચાણ કરેલ હોવાનું તપાસ દરમિયાન ખુલતા વેપારીની અટકાયત કરવામાં આવી હતી અને ત્રણ દિવસના પુછતાછ બાદ સંતરામપુર કોર્ટમાં રજુ કર્યો હતો.

## વેજલપુર ગામે રોહિત સમાજ ૬૩૬ની મીટીંગ યોજાઇ



ગોધરા,

વેજલપુર ગામ ખાતે રોહિત સમાજ ૬૩૬ની મીટીંગ યોજાઇ હતી. જેમાં કુરિવાજો દૂર કરવા લગ્ન અને મરણ પ્રસંગમાં થતાં ખર્ચ અટકાવવા માટેની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

વેજલપુર ગામના માર્કેટિંગ યાદ ખાતે રોહિત સમાજ ૬૩૬ની મિટિંગનું આયોજન સાત પરગણા સુધારક મંડળના પ્રમુખ કે.ડી. પરમારની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ હતી. આ સમાજની મળેલ મિટિંગમાં આવનાર દિવસોમાં ગુજરાત મહા સંમેલન ગાંધીનગર ખાતે યોજાનાર હોય જેમાં રોહિત સમાજ ૬૩૬ પણ તેમાં ભાગીદાર થાય તેની ચર્ચા કરવામાં આવી હતી. ત્યાર બાદ સામાજિક બંધારણ એક બની સમાજમાં પ્રવર્તતા કુરિવાજો દૂર કરવા લગ્ન અને મરણ પ્રસંગ માં થતાં ખર્ચ અટકાવવા માટેની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ પ્રસંગે સાત પરગણા સુધારક મંડળના પ્રમુખ કે.ડી. પરમાર સહિત જુદા જુદા પરગણાના આગેવાનો, સમતા ફાઉન્ડેશનના પ્રમુખ સુરેશભાઈ પરમાર કોઠંબા વાળા, ૩૬ પરગણા મંડળના મહામંત્રી કિરીટભાઈ, નવ પરગણાના કે.પી. મકવાણા, દિપકભાઈ, ચંદુભાઈ, નીલમ ભાઈ મકવાણા, અંબાલાલ વડોદિયા, ચંદુભાઈ ચૌહાણ, કંચનભાઈ મકવાણા સહિત મહીસાગર, પંચમહાલ, વડોદરા જિલ્લામાંથી મોટી સંખ્યામાં રોહિત સમાજ ૬૩૬ના જ્ઞાતિબંધુઓ ઉપસ્થિત રહ્યા હતા.

## મહીસાગર જિલ્લાકક્ષા યુવા ઉત્સવ-૨૦૨૨ તેમજ જિલ્લા કક્ષા નવરાત્રી રાસ ગરબા સ્પર્ધા શ્રી શારદા વિદ્યાલય કાળીબેલ ખાતે ૨૧ સપ્ટેમ્બરના રોજ યોજાશે

લુણાવાડા,

યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર તેમજ જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી મહીસાગર દ્વારા મહીસાગર જિલ્લામાં જિલ્લા કક્ષા યુવા ઉત્સવ-૨૦૨૨ ઓફલાઈન તમામ વય જૂથ તેમજ જિલ્લા કક્ષા યુવા ઉત્સવ-૨૦૨૨ ઓફ લાઈન/સ્ટેજ અને જિલ્લા કક્ષા નવરાત્રી રાસ-ગરબા-૨૦૨૨ શ્રી શારદા વિદ્યાલય કાળીબેલ, તા.સંતરામપુર જી.મહીસાગર ખાતે તા.૨૧/૦૯/૨૦૨૨ના રોજ સવારે ૯:૩૦ કલાકે જિલ્લા કક્ષા યુવા ઉત્સવ-૨૦૨૨ ઓફ લાઈન/સ્ટેજ અને બપોરે ૧૨ કલાકે જિલ્લા કક્ષા નવરાત્રી રાસ-ગરબા-૨૦૨૨ રાખેલ છે તેમ જિલ્લા રમત ગમત અધિકારીની અખબારીયાદીમાં જણાવાયું છે.

## લીમખેડાની પરમારના ખાખરીયા પ્રાથમિક શાળા ના શ્રેષ્ઠ શિક્ષક હિંમતભાઈ પરમાર નું શિક્ષકો અને વાલીઓ દ્વારા સન્માન



લીમખેડા,

લીમખેડા તાલુકાની સી.આર.સી. અગારા(ઉ) માં આવેલી પરમારના ખાખરીયા પ્રાથમિક શાળામાં શાળાના શિક્ષક તથા તાલુકા કક્ષાનો જેમને શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ મળયો છે તેવા હિંમતભાઈ પરમારનો સન્માન સમારંભ કાર્યક્રમ પરમારના ખાખરીયા પ્રાથમિક શાળા માં ઉજવવામાં આવ્યો. ૫ મી સપ્ટેમ્બર શિક્ષક દિનના રોજ જિલ્લામાં આયોજિત કાર્યક્રમમાં તાલુકા કક્ષાનો શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ મેળવનાર શાળાના શિક્ષક હિંમતભાઈ પરમારનો સન્માન સમારંભ કાર્યક્રમનુ આયોજન શાળા પરિવાર પરમારના ખાખરીયા તથા શાળાના આચાર્ય કામીનાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આમંત્રિત સૌ મહેમાનોએ હિંમતભાઈ પરમારને શાલ ઓઢાડી, પુષ્પગુચ્છ આપી, ફુલહાર પહેરાવી સન્માન કર્યું હતું. આજના આ કાર્યક્રમમાં લીમખેડા તાલુકા પ્રાથમિક શૈક્ષિક મહાસંઘના પ્રમુખ, મહામંત્રી, લીમખેડા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ, અગારા(ઉ) કલસ્ટરના સી.આર.સી, અગારા(ઉ) કલસ્ટરની શાળાના આચાર્ય ઓ, શિક્ષક મિત્રો તથા ગામના આગેવાનો વગેરે ઉપસ્થિત રહ્યા હતા. હિંમતભાઈ પરમાર દ્વારા શાળાના બાળકોને અને આવેલ મહેમાનોને તિથી ભોજન આપવામાં આવ્યું હતું.

## દાહોદના કતવારા ગામની પ્રાથમિક શાળામાંથી તસ્કરોએ ૩૫ હજારની મત્તાની ચોરી કરી

દાહોદ,

દાહોદ તાલુકાના કતવાડા ગામે આવી એક પ્રાથમીક શાળામાં તસ્કરોએ હાથ ફેરો કરી પ્રાથમીક શાળામાંથી પંખા, એલ.ઈ.ડી. ટી.વી. અને પ્રિન્ટરની ચોરી કુલ કુલ રૂા.૩૫,૦૦૦ની મત્તાની ચોરી કરી તસ્કરો નાસી ગયાનું જાણવા મળે છે. દાહોદ જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી તસ્કરો જિલ્લામાં આવેલ પ્રાથમીક શાળાઓને નિશાન બનાવી રહ્યાં છે અને પ્રાથમીક શાળામાંથી સરસામાન વિગેરે ચોરી કરી લઈ જઈ રહ્યાં છે ત્યારે આ મામલે પોલીસે ઘનિષ્ટ તપાસનો ધમધમાટ આરંભ કરી પ્રાથમીક શાળામાં ચોરી કરનાર તસ્કરોને ઝડપી પાડવામાં આવે તેવી લાગણી અને માંગણી ઉઠવા પામી છે ત્યારે પ્રાથમીક શાળામાં ચોરીનો વધુ એક બનાવ સામે આવ્યો છે જેમાં ગત તા.૦૫ સપ્ટેમ્બરના રોજ કતવારા ગામે આવેલ ગાડી ફળિયા પ્રાથમીક શાળામાં તસ્કરોએ રાત્રીના કોઈપણ સમયે પ્રાથમીક શાળાને નિશાન બનાવી શાળાના મકાનનું તાળુ તોડી તસ્કરોએ મકાનમાં પ્રવેશ કર્યો હતો. મકાનમાંથી તસ્કરોએ પંખા નંગ ૦૫, એક એલ.ઈ.ડી. ટી.વી. અને એક પ્રિન્ટર મળી કુલ રૂા.૩૫,૦૦૦ની ચોરી કરી તસ્કરો નાસી ગયાં હતાં.

આ સંબંધે કતવારાની વાડી પ્રાથમીક શાળામાં ફરજ બજાવતાં અને દાહોદ શહેરના પશુપતિ નગર, ગોદી રોડ ખાતે રહેતાં રંગલીબેન વીરસીંગભાઈ મંડોડે કતવારા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદના ટ્રેનિંગ એન્ડ પ્લેસમેંટ સેલ કૃષિ ઈજનેરી પોલિટેકનિક અને જીલ્લા ઉધોગ કેન્દ્ર દ્વારા એક દિવસીય તાલીમનું આયોજન



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

ગત અઠવાડીયે ભારત સરકારના DPIIT (Department for Promotion of Industry and Internal Trade) દ્વારા સ્ટેટ સ્ટાર્ટઅપ રેંકિંગ-૨૦૨૨ અંતર્ગત જીલ્લા કક્ષાએ એક દિવસીય તાલીમનું આયોજન તા.૦૨/૦૯/૨૦૨૨ના રોજ કૃષિ ઈજનેરી પોલિટેકનિક, દાહોદ ખાતે કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમાં ડો.એમ.એમ. ત્રિવેદી, આચાર્ય, કૃષિ ઈજનેરી પોલિટેકનિક દાહોદ, એચ.જે.ઠાકોર, નાયબ ઔદ્યોગિક કમિશનર દાહોદ, એચ.ડી. નિનામા, ઈન્ચાર્જ આર એમ, દાહોદ, રવિભાઈ ઓમડા, એમ.એસ.એમ.ઈ., મહેશકુમાર વસૈયા, વિનોદભાઈ રાઠોડ, જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, દાહોદ અને ચિરાગભાઈ, સી.ઈ.ડી., બરોડા ઉપસ્થિત રહયા હતા.

ડો.એમ.એમ. ત્રિવેદીએ ગતિશીલ અર્થતંત્રમાં યુવા ઉદ્યોગ પ્રત્યે સાહસિકોની ભૂમિકા વિશે માહિતી આપી હતી. એચ.જે.ઠાકોર, નાયબ ઔદ્યોગિક કમિશનર, દાહોદ, રવિભાઈ ઓમડાએ અને ચિરાગભાઈ, સી.ઈ.ડી., બરોડા પીપીટી પ્રેઝન્ટેશન દ્વારા સ્ટાર્ટઅપના વિચાર, માન્યતા, અર્લી ટ્રેક્શન અને સ્કેલિંગ જેવા તબક્કાઓ સમજાવ્યા અને માર્ગદર્શન આપ્યું. આ કાર્યક્રમમા લગભગ ૮૦ જેટલા વિદ્યાર્થીઓને તેમજ અધિકારીઓ ભાગ લીધો. કાર્યક્રમનું સામુહિક સંચાલન ડો.ફરીદ સૈયદ, ટ્રેનિંગ અને પ્લેસમેન્ટ ઈન્ચાર્જ દ્વારા સંચાલન કરવામાં આવેલ હતું.

## લીમખેડાના ચીલાકોટા થી દેશી તમંચા સાથે એક ઈસમને SOG પોલીસે ઝડપ્યો

દાહોદ,

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના ચીલાકોટા ગામેથી દાહોદ એસ.ઓ.જી. પોલીસે એક ઈસમ પાસેથી દેશી બનાવટનો તમંચો કિંમત રૂા.૨૫૦૦ સાથે ઝડપી પાડી જ્યારે તેની સાથેનો અન્ય એક ઈસમ નાસી ગયાનું જાણવા મળે છે.

ગત તા.૦૬ સપ્ટેમ્બરના રોજ દાહોદ એસ.ઓ.જી. પોલીસને મળેલ બાતમીના આધારે ચીલાકોટા ગામે મળેલ બાતમીના આધારે વોચ ગોઠવી ઉભા હતાં તે સમયે બાતમીમાં દર્શાવેલ બે ઈસમો ત્યાંથી પસાર થતાં પોલીસે તેઓને પકડવાની કોશિષ કરતાં કનેશભાઈ જબરાભાઈ માવી (રહે. કરજર, ઉચવાસ ફળિયુ, તા. ધાનપુર, જિ.દાહોદ) અને તેની સાથેનો દીપાભાઈ દાહમા (રહે. ઘુંટીયા, તા. લીમખેડા, જિ.દાહોદ) નાઓ પોલીસને જોઈ ભાગવાનો પ્રયાસ કરતાં હતાં ત્યારે પોલીસે તેઓનો પીછો કરતી કનેશભાઈને ઝડપી પાડ્યો હતો જ્યારે દીપાભાઈ પોલીસને ચકમો આપી નાસી જવામાં સફળ રહ્યો હતો. પોલીસે ઝડપાયેલ કનેશભાઈની અંગ ઝડતીમાંથી ગેરકાયદે રીતે વગર પરમીટે બિન અધિકૃત રીતે પોતે પોતાના ઉપયોગ માટે કે કોઈને વેંચવા અથવા તબદીલ કરવા માટે દેશી બનાવટનો તમંચો કિંમત રૂા.૨૫૦૦નો ઝડપી પાડી તેની સાથે એક મોબાઈલ ફોન પણ કબજે કર્યો હતો.

દાહોદ એસ.ઓ.જી. પોલીસે આ સંબંધે લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## વોટર હેલ્પલાઇન મોબાઈલ એપ થકી ચૂંટણી કાર્ડને લગતી અનેક સુવિધાઓ હવે આપના ઘર આંગણે

દાહોદ,

લોકશાહી શાસન વ્યવસ્થામાં મતદાનનું મૂલ્ય અનેરૂ છે. મતદાતાઓની સુવિધા માટે ભારતના ચૂંટણી પંચ દ્વારા વોટર હેલ્પલાઇન મોબાઈલ એપ લોન્ચ કરવામાં આવી છે, જેના દ્વારા મતદાન કરવા માગતા મતદારો પોતાનું નામ વોટર લીસ્ટમાં ચેક કરવા, નવું ચૂંટણી કાર્ડ કઢાવવા, ચૂંટણી કાર્ડમાં ફેરફાર કરવા, ચૂંટણી કાર્ડ સાથે મોબાઈલ નંબર તથા આધાર નંબર લિંક કરાવવા વગેરે જેવી અગત્યની સુવિધા ''વોટર હેલ્પલાઇન મોબાઈલ એપ'' થી ઘર આંગણે મેળવી શકે છે. વોટર હેલ્પલાઇન મોબાઈલ એપ દ્વારા નાગરિકોના ચૂંટણીકાર્ડમાં ફેરફાર કરાવવાની સાથોસાથ ચૂંટણીને લગતા સમાચાર, નજીકના મતદાન પોલની માહિતી, જૂની ચૂંટણીના પરિણામો અને મુંઝવણ અનુભવતા મતદાતાઓ ટોલ ફ્રી નંબર ૧૯૫૦ ઉપર ફોન કરી વાત કરી શકાય તેવા નંબરની સુવિધા પણ આપતી હોય છે. આ ઉપરાંત ખોવાઈ ગયેલ ચૂંટણીકાર્ડ, નામ, સરનામા જેવી સામાન્ય બાબતો માટે ઓનલાઈન ફોર્મ ભરી ફરી ચૂંટણી કાર્ડ સરળતાથી મેળવી શકાય છે.

## પતિ-પત્ની વચ્ચે ઝગડો થતાં પતિથી રિસાઈને આવેલી મધ્યપ્રદેશની મહિલાનું RPF તેમજ સખી વન સ્ટોપના સંયુક્ત પ્રયાસોથી પુનઃવસન કરાવ્યું



દાહોદ,

મધ્ય પ્રદેશના ઉજ્જૈન ખાતેના પતિ-પત્ની વચ્ચે અવારનવાર નાની-નાની ઝગડો તકરાર થતા પતિના મહેણાં ટોણાથી ત્રસ્ત થયેલી પત્ની ઘરેથી રિસાઈને ભોપાલ દાહોદ ઈન્ટરસિટીમાં બેસી દાહોદ ખાતે આવી પહોંચી હતી. જ્યાં ફરજ પર તેના આરપીએફ મહિલા કોન્સ્ટેબલ દ્વારા તેની પૂછપરછ કરી સખી ખાતે મોકલી આપ્યા હતા.જ્યાં ઉપર સંસ્થા દ્વારા તેના પતિનો સંપર્ક કરી તેને દાહોદ ખાતે બોલાવી બંને પતિ-પત્ની વચ્ચે સમજાવટ કરી બન્નેને જવાબો લઈ ઘરે પરત મોકલી દીધા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર મધ્યપ્રદેશના ઉજ્જૈન શેઠી નગર ખાતેના રહેવાસી ૨૮ વર્ષીય વિનોદ પ્રજાપતિ તેમજ તેમની પત્ની રાજકુમારી વચ્ચે અવારનવાર નાની-નાની બાબતોમાં ઝઘડો તકરાર થતા પતિના ઝઘડાળુ સ્વભાવ તેમજ મહેણા ટોણાથી ત્રસ્ત આવેલી રાજકુમારી તેના પતિ વિનોદ થી રિસાઈને બે દિવસ પહેલા ઉજ્જૈન રેલવે સ્ટેશનેથી ટ્રેન નંબર ૧૯૦૪૦ ભોપાલ દાહોદ ઈન્ટરસિટીમાં બેસી દાહોદ ખાતે આવી પહોંચી હતી. જ્યાં ફરજ પર હાજર આર.પી.એફ જવાન સેવા રામની નજર આ એકલી બેઠેલી મહિલા પર પડતા તેઓએ આરપીએફની મહિલા કોન્સ્ટેબલ ભાગ્યશ્રીને બોલાવી મહિલાની પૂછપરછ કરતા તેઓએ સઘળી હકીકત બતાવી હતી. ત્યારબાદ ઉપરોક્ત મહિલા રાજકુમારીને આરપીએફ કચેરી ખાતે લાવવામાં આવી હતી. તેમજ આ મામલાની જાણ સખી વન સ્ટોપ દાહોદને કરાતા તેઓ પણ રેલવે સ્ટેશન ખાતે આવી પહોંચ્યા હતા. જ્યાં મહિલાનું નિવેદન લઈ આ મહિલાને સખી વંશ સ્ટોપ ખાતે મોકલી આપી હતી. ત્યારબાદ સખી વન સ્ટોપના કર્મચારીઓ આ મહિલાના પતિનો સંપર્ક કરતા તેઓ ઉજ્જૈન થી દાહોદ ખાતે આવી પહોંચ્યા હતા. જ્યાં સંસ્થા દ્વારા ઉપરોક્ત બંને પતિ પત્નીનું કાઉન્સિલિંગ કરી તેઓનું નિવેદન લઈ રાજીખુશીથી બંનેને ઘરે મોકલી આપ્યા હતા.

## નેશનલ ગેમ્સમાં દેશભરમાંથી ૭૦૦૦થી વધુ ખેલાડીઓ ભાગ લેશે

ગાંધીનગર,

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતમાં પ્રથમવાર સપ્ટેમ્બર માસમાં ૩૬મી નેશનલ ગેમ્સ-૨૦૨૨ યોજાનાર છે. જેના ભાગરૂપે આગામી તા.૧૨ થી ૧૬ સપ્ટેમ્બર દરમિયાન યુવાનો-વિદ્યાર્થીઓમાં રમતને વધુ પ્રોત્સાહન મળે તેમજ અન્ય નાગરિકો પણ તેમાં સહભાગી થાય તે હેતુથી નેશનલ ગેમ્સની થીમ **"Celebrating Unity through Sports"** આધારિત રાજ્યની તમામ કોલેજ, યુનિવર્સિટી અને શાળા કક્ષાએ ભવ્ય કાર્યક્રમોનું આયોજન કરાશે તેમ પ્રવકતા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું.

પ્રવકતા મંત્રીએ ગાંધીનગર ખાતે પત્રકાર પરિષદ સંબોધતા જણાવ્યું હતું કે, ગુજરાતમાં યોજાનાર રાષ્ટ્રીય કક્ષાના ઐતિહાસિક રમતોત્સવમાં દેશભરમાંથી ૭,૦૦૦થી વધુ ખેલાડીઓ સહભાગી થશે. રમત-ગમતની પ્રવૃત્તિઓમાં પ્રત્યે જાગૃતિ કેળવાય તેવા ઉદેશથી આગામી તા.૧૨, ૧૩ અને ૧૪ સપ્ટેમ્બરે રાજ્યભરની કોલેજ / યુનિવર્સિટી તેમજ તા.૧૫ અને ૧૬ સપ્ટેમ્બર દરમિયાન રાજ્યભરની શાળાઓમાં વિવિધ રમતલક્ષી કાર્યક્રમો યોજાશે. તા.૧૨ સપ્ટેમ્બરે રાજ્યના તમામ ૩૩ જિલ્લા મથકે યોજાનાર રમતલક્ષી કાર્યક્રમોમાં મંત્રીશ્રીઓ, સંસદશ્રીઓ, ધારાસભ્યશ્રી સહિત સ્થાનિક આગેવાનો તેમજ રમતવીરો ઉપસ્થિત રહેશે.

પ્રવકતા મંત્રીશ્રીએ ઉમેર્યુ હતુ કે આ કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓ, વાલીઓ, રમતવીરો ઉપરાંત સ્થાનિક આગેવાનો, રમતગમત સાથે સંકળાયેલી વિવિધ કલબો, મંડળો અને સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિઓ, રમતવીરો અને નાગરિકો મોટી સંખ્યામાં જોડાશે.




તા.૦૭.૦૯.૨૦૨૨ને મંગળવારના રોજ દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ દ્વારા વિદ્યાર્થીઓ માટે હાર્ટ ફુલનેસ અને મેડિટેશનનો સેમિનાર રાખવામાં આવેલ હતો. જેમાં કોલેજના ૧૮૦ વિદ્યાર્થીઓ એ ઉત્સાહ પૂર્વક ભાગ લીધેલ હતો. આ સેમિનાર હાર્ટ ફુલનેસ ટ્રેઈનર્સ ગ્રૂપના હર્ષાબેન ભાટિયા, સાધનાબેન વાઘમારે અને જીતુભાઈ વાઘમારે જેઓએ આ સેમિનારમાં માર્ગદર્શન આપેલ હતું. કોલેજના કાર્યકારી આચાર્ય ડૉ.જી.જે. ખરાદી સાહેબ જેમના માર્ગદર્શન હેઠળ આ સેમિનારનું આયોજન કરવામાં આવેલ હતું. કોલેજના એન.એસ.એસ. યુનિટના પી.ઓ ડૉ.શ્રેયસ પટેલ એ પણ સેમિનારમાં વિદ્યાર્થીઓને ધ્યાન વિસે સમજાવેલ હતું. સમગ્ર સેમિનાર શારીરિક શિક્ષણ અને રમતગમત વિભાગના વડા ડૉ. વિપુલ ચૌહાણ અને ખેલાડીઓના સહકારથી સેમિનાર ભવ્ય રીતે સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

## આપની આજ.......

મેષ : કૌટુંબિક સહયોગ મળશે અને નવા વેપારીઓને લાભ થશે. રાજકીય દિશામાં કરવામાં આવેલા પ્રયત્નો ફળદાયી થશે, સાર્વજનિક સારો સહયોગ પ્રાપ્ત થશે.

વૃષભ : આજનો દિવસ મિશ્રિત ફળ આપશે. વિદ્યાર્થીઓ માટે વિદેશમાં શિક્ષણ મેળવવા, કાર્યોમાં એકાગ્રતા જાળવવા માટે સમય સારો છે. વાણીની નરમાઈ તમારી પ્રતિષ્ઠામાં વધારો કરશે.

મિથુન : આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. ધંધામાં કોઈ સાથીદાર કે સંબંધી દ્વારા માનસિક તણાવ પેદા થઈ શકે છે, ધૈર્ય રાખો. પૈસાના વ્યવહારમાં સાવચેત રહો, નહીં તો આજે અપાયેલા પૈસા પાછા આવવાની સંભાવના ઓછી રહેશે.

કર્ક : અચાનક પારિવારિક ખર્ચ માનસિક દબાણમાં વધારો કરી શકે છે. આજીવિકાના ક્ષેત્રે ચાલુ પ્રયત્નો સફળ થશે અને ભાઈઓના સહયોગથી લાભની સ્થિતિ ઉદ્ભવશે. રાજકીય સહયોગ મળશે અને અટકેલા સરકારી કામ પૂરા થશે.

સિંહ : જીવનસાથી તમારી સર્જનાત્મક ક્રિયાઓથી પ્રભાવિત થશે.

કન્યા : તમે તમારા જીવનસાથી સાથે સારો સમય પસાર કરશો. સફળ વ્યાવસાયિક યોજનાઓ તમારી પ્રતિષ્ઠામાં વધારો કરશે અને તમારા બધા કાર્યોમાં મદદરૂપ થશે.

તુલા : લવ મેરેજ ઈચ્છુક માટે સમય અનુકૂળ છે. શરૂઆતમાં થોડા અવરોધ ઊભા થશે પણ અંતે દરેક જણ તમારી સાથે સહમત થતા જોવા મળશે. માતાના સ્વાસ્થ્યની સંભાળ રાખો અને ડોકટરો પાસે તપાસ કરાવો.

વૃશ્ચિક : વિદ્યાર્થીઓને ગુરુઓની મદદથી ભાવિની યોજના બનાવવાની તક મળશે. આજીવિકા રોજગારની દિશામાં કરવામાં આવેલા પ્રયત્નોથી સફળતા મળશે. પ્રેમ જીવનમાં તમને ભેટ મળશે. જરૂરી કાર્યો પૂરા કરવા માટે અન્યનો સહકાર લેવામાં તમે સફળ થશો.

ધનુ : વધુ મહેનતને કારણે સ્વાસ્થ્ય કંઈક નરમ રહેશે. સમાજ તરફથી ઈચ્છિત સહયોગ મળશે. જો તમે નોકરી કરો છો તો તમારા અધિકારો વધશે અને જવાબદારી વધશે.

મકર : તમને કોર્ટ સંબંધિત બાબતોમાં ફાયદો થશે અને નસીબ પણ જોખમી નિર્ણયમાં તમને સહયોગ આપશે. વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણમાં જે અવરોધ નડે છે તેનો અંત આવશે, પરંતુ સ્વાસ્થ્ય પ્રત્યે ઉદાસીનતા ના બનો.

કુંભ : ઈચ્છાશક્તિ અને સંકલ્પના કારણે તમને ધંધામાં સારો લાભ મળશે અને મિત્રોની સહાયથી વ્યવસાયિક યોજના મજબૂત બનશે. પિતાનું માર્ગદર્શન તમને મુશ્કેલ નિર્ણયો લેવામાં મદદ કરશે.

મીન : ધંધામાં લાભની શરતો રહેશે અને નવી તકો પણ મળશે. તબીબી વ્યાવસાયિકોની પ્રતિષ્ઠા વધશે અને આર્થિક સ્થિતિ સુધરતી રહેશે. લવ લાઈફમાં વધારે અપેક્ષાઓ નિરાશા તરફ દોરી શકે છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદમાં લમ્પી વાયરસને કાબુ લેવા તાલુકાઓમાં ટીમની રચના અને કેમ્પોનું આયોજન કરાયું

દાહોદ

ગુજરાત રાજયના ઘણા બધા જિલ્લામાં પશુઓમાં થતા લમ્પી સ્કીન ડીસીઝના કેસ જોવા મળ્યા છે. છેલ્લા એક અઠવાડિયામાં દાહોદ જિલ્લામાં પણ પશુઓમાં છુટા છવાયા શંકાસ્પદ લમ્પી સ્કીનના કેસ પશુઓમાં જોવા મળેલ છે. રોગના અટકાવ અને નિયંત્રણના ભાગરૂપે દાહોદ જિલ્લાના તમામ તાલુકાઓમાં ટીમની રચના કરવામાં આવેલ છે.

સબબ ટીમમાં તાલુકાના પશુચિકિત્સા અધિકારી, GVK ૧૯૬૨ કરૂણા એમ્બ્યુલેન્સના પશુચિકિત્સા અધિકારી તેમજ પશુધન નિરીક્ષક તથા ક્ષેત્રિય કર્મચારીઓનો સમાવેશ થાય છે. આ ટીમો દ્વારા તાલુકા કક્ષાએ પશુઓમાં



સઘન સર્વેલન્સ અને મોનીટરિંગની કામગીરી ચાલુ છે. જે ગામોમાં શંકાસ્પદ લમ્પી સ્કીનવાયરસના કેસો હોય તેગામોમાં કેમ્પનું આયોજન કરી પશુઓને સારવાર, વેક્સીનેશન તથા ડીવર્મિંગની કામગીરી આ ટીમો દ્વારા કરવામાં આવેલ છે.

ઉપરાંત આ ટીમો દ્વારા જિલ્લામાં આવેલ તમામ ગૌશાળા તેમ જ પાંજરાપોળ ખાતે નિયમિત મુલાકાત લવોમાં આવી રહી છે. તેમજ પશુઓને જરૂરી સારવાર, વેક્સીનેશન તથા ડીવર્મિંગની કામગીરી કરવામાં આવી રહેલ છે. રોગચાળાની પરિસ્થિતિને પહોંચી વળવા તેમજ ફેલાવો અટકાવવા માટે તાકીદના ધોરણે સ્વસ્થ જણાયેલ પશુઓમાં વેક્સીનેશન તથા ડીવર્મિંગની કામગીરી કેમ્પેઈન મોડમાં ચાલુ કરવામાં આવેલ છે. વધુમાં લોકોમાં આ રોગ અંગે રાખવા જેવી કાળજી તથા સંભાળની સમજણ ટીમ દ્વારા આપવામાં આવી રહી છે.

આજ દિન સુધીમાં દાહોદ જિલ્લામાં લમ્પી સ્કીન ડીસીઝ અંતર્ગત અસરગ્રસ્ત ગામોની કુલ સંખ્યા ૩૪ જેટલી થવા પામેલ છે. જેમાં શંકાસ્પદ લમ્પી સ્કીન ડીસીઝ અંતર્ગત અસરગ્રસ્ત પશુઓની અંદાજીત કુલ સંખ્યા ૭૨ જેટલી થવા પામેલ હતી. જે અન્વયે તમામ પશુઓમાં સારવાર કર્યાબાદ હાલમાં તે તમામ પશુઓ સ્વસ્થ થઈ ગયેલ છે. અને આ રોગ હેઠળ કોઈપણ પશુનું મૃત્યુ નોંધાયેલ નથી. સદર રોગ અન્વયે વિવિધ તાલુકાઓમાં ટીમો દ્વારા સઘન રસીકરણની કામગીરી હાલમાં ચાલી રહેલ છે. જેમાં અંદાજીત કુલ સંખ્યા ૮૮૩૯ જેટલા ગાય વર્ગ ના પશુઓમાં ગામદીઠ કુલ–૩૪ કેમ્પોના આયોજન થકી નીઃશુલ્ક રસીકરણ, ડીવર્મિંગ, મેડીસીનલ સારવાર પશુપાલકોને પૂરી પાડવામાં આવેલ છે.

વધુમાં આ રોગ વિષે પશુપાલકોમાં જાગ્રુતિ આવે તે માટે વિવધ માધ્યમો થકી પ્રચાર–પ્રસાર કરવામાં આવી રહ્યો છે. તેમજ જિલ્લાના તમામ તાલુકાઓ હસ્તકની તમામ પશુસારવાર સંસ્થાઓ ખાતે લોકોમાં જાગ્રુતિ આવે અને માર્ગદર્શન મળી રહે તે માટે લમ્પી સ્કીન ડીસીઝ રોગના માર્ગદર્શન માટેના હોર્ડિંગબેનરો લગાવવામાં આવ્યા છે.

# ફતેપુરા તાલુકામાં પશુઓમાં લમ્પી રોગનો ભરડો : ૧૧ શંકાસ્પદ પશુઓ સારવાર હેઠળ

ફતેપુરા,

ગુજરાત રાજયમાં પશુઓમાં લંપી રોગના વાયરસ ઠેર–ઠેર જોવા મળી રહ્યા છે ત્યારે ફતેપુરા તાલુકો પણ તેમાંથી બાકાત રહેવા પામેલ નથી ફતેપુરા તાલુકામાં પશુઓમાં લંપી રોગના વાયરસ જોવા મળતા ફતેપુરા તાલુકાના પશુ ડોક્ટર હરકતમાં આવી આ રોગને દામી દેવા માટે ફળિયા ફળિયા ગામડે ગામડે પશુપાલન કર્મચારી અધિકારી ટીમ શંકાસ્પદ પશુઓની સારવાર કરી રહ્યા છે ૧૧ જેટલા પશુઓમાં શંકાસ્પદ લંપી રોગના લક્ષણો જોવા મળતા તાત્કાલિક ધોરણે સારવાર કરવામાં આવતા સુધારા પર હોવાનું પશુ ચિકિત્સા ડોક્ટર સંગાડા જણાવ્યું હતું અને લંપી રોગના લક્ષણો ગાય અને બળદમાં



તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

વધારે પડતા જોવા મળતા હોવાનું જણાવ્યું હતું તેમજ પશુઓ મા થતો લંપી રોગ મચ્છરોથી ફેલાય છે લંપી રોગના પશુ પર બેઠેલ મચ્છર બીજા પશુ ઉપર જઈને બેસતા આ રોગ તે પશુઓમાં પણ લંપી રોગ લાગતા લંપી રોગ ફેલાઈ જાય છે ગામડાઓમાં પશુઓ નજીક નજીક બાંધેલા હોવાથી આ રોગ વધુ પ્રમાણમાં ફેલાવવાની શક્યતા નકારી શકાય તેમ નથી.

# દાહોદમાં ગણેશ વિસર્જનને સ્થળને લઈ અસમંજતાઓનો અંત : પરેલ તળાવમાં સ્થાપિત મૂર્તિ વિસર્જન કરાશે

દાહોદ,

દાહોદ શહેરમાં ગણેશોત્સવના આરંભને છ દિવસ વીતિ ગયા અને જવાબદાર તંત્રને ગણેશ વિસર્જન માટેનું વ્યવસ્થિત સ્થળ નક્કી કરવા માટે નવરેજા પાણી આવી ગયા અને ગણેશ વિસર્જનનું સ્થળ શહેરના ગણેશ મંડળોની સંમતિથી દાહોદ પરેલમાં આવેલ તળાવમાં નક્કી કરાતા છેલ્લા કેટલાય દિવસથી ગણેશ વિસર્જનના મુદ્દે જિલ્લા વહીવટી તંત્ર તેમજ સ્થાનિક તંત્ર દ્વારા શહેરના ગણેશ મંડળો સાથે રમાતી આઈબાઈ ચારણીની રમતનો આજે અંત આવતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.

દાહોદ શહેરમાં ગણેશ વિસર્જન કેટલાય વર્ષોથી શહેરના



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

છાબ તળાવમાં કરવામાં આવતુ હતુ પરંતુ દાહોદનું છાબ તળાવ સ્માર્ટ સીટી અંતર્ગત આવી જતા સ્માર્ટ સીટી સમિતિ દ્વારા છાબ તળાવમા ગણેશ વિસર્જન કરવાની મનાઈ ફરમાવવામાં આવી. જેથી છેલ્લા ત્રણેક વર્ષથી ગણેશ વિસર્જનના સ્થળ માટેનો મુદ્દો તંત્રની નિષ્ક્રિયતાને કારણે વણઉકેલ્યો રહેવા પામ્યો હતો. ગત વર્ષની જેમ આ વર્ષે પણ ગણેશ વિસર્જન સ્થળના મામલે તંત્રની સાથે સાથે ગણેશ મંડળો અવઢવમાં હતા. જવાબદાર તંત્ર દ્વારા ગણેશ વિસર્જન માટે જ્યાં જ્યાં સ્થળ નક્કી કરવામાં આવ્યું. ત્યાં ત્યાં કોઈને કોઈ કાયદાકીય ગુંચ નડતા ગણેશ વિસર્જનના સ્થળ માટેનો કોયડો પેચીદો બન્યો હતો. અને જિલ્લા, તાલુકા તેમજ સ્થાનિક તંત્ર દ્વારા આ મામલે ગણેશ મંડળોને આઈબાઈ ચારણી રમાડવાનું શરૂ થયું હતુ. દશ દશ દિવસ સુધીના જાજરમાન આતિથ્ય બાદ વિસર્જિત કરવા માટે દાહોદ પરેલ રેલ્વે હોસ્પીટલની પાછળનું તળાવ આજે ગણેશ મંડળોની સર્વ સંમતિથી નક્કી કરવામાં આવતા મંડળોએ હાશકારો અનુભવ્યો હતો.

# દાહોદ કલેક્ટર ડો.હર્ષિત ગોસાવીની અધ્યક્ષતામાં ગણેશ મંડળના સંચાલકો સાથે બેઠક યોજાઇ

દાહોદ,

જિલ્લા સેવા સદન ખાતે આવેલા સભાગૃહમાં આજે કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીની અધ્યક્ષતામાં ગણેશ મંડળના સંચાલકો સાથેની બેઠક યોજાઈ હતી. બેઠકમાં ગણેશ વિર્સજનના સ્થળ બાબતે ગણેશ ઉત્સવના આયોજકો સાથે સર્વસંમતિ સાધવામાં આવી હતી. જેમાં દાહોદ પરેલ વિસ્તારમાં આવેલ સાત બંગલા ખાતે આવેલા તળાવ ખાતે ગણેશ વિર્સજન માટેનું સ્થળ ઠરાવવામાં આવ્યું હતું.

બેઠકમાં કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીએ જણાવ્યુ કે, ઉક્ત સ્થળે નાગરિકો સરળતાથી ગણેશ વિર્સજન કરી શકે તે માટેની તમામ સુવિધાઓ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરી આપવામાં આવી છે. તેમજ નગરમાં





તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

ગણેશ વિર્સજન માટેનો રૂટ પણ જળવાઇ રહેશે. આ સ્થળ અત્યારના તબક્કે તમામ રીતે ગણેશ વિર્સજન માટે યોગ્ય છે અને પ્રશાસન દ્વારા અહીં ટ્રાફિક વ્યવસ્થા સહિતની તમામ વ્યવસ્થાઓ કરવામાં આવશે.

કલેક્ટર ડો. હર્ષિત ગોસાવી અને જિલ્લા પોલીસ અધીક્ષક બલરામ મીણાએ વિસર્જન શાંતિથી યોજાય અને નિયત સમય મર્યાદામા પૂર્ણ થાય એવી દાહોદના નાગરિકોને અપીલ કરી હતી.

તંત્ર દ્વારા નક્કી કર્યા મુજબ આ અંગેનો રૂટ આ મુજબ રહશે. જેમાં સ્ટેશન રોડ દાહોદ થી નીકળી બિરસામુંડા સર્કલ, ભગિની સમાજ, નગરપાલિકા ચોક, એમ.જી. રોડ થઈ તળાવ ચોક, ગોધરા રોડ, આઝાદચોક થી પરેલ ચાર રસ્તા, પરેલ સાત રસ્તા, પરેલ ત્રણ રસ્તા પરેલ ફિલ્ટર સાઈડ થઈને વિસર્જન તળાવે પહોંચશે.

બેઠકમાં જિલ્લા પોલીસ અધિક્ષક બલરામ મીણા, એએસપી જગદીશ બાંગરવા, નગર પાલિકા પ્રમુખ રીનાબેન પંચાલ, નિવાસી અધિક કલેક્ટર એ.બી. પાંડોર, સહિતના અધિકારીઓ, અગ્રણી સુધીરભાઇ લાલપુરવાલા તેમજ ગણેશ મંડળના આયોજકો ઉપસ્થિત રહ્યાં હતા.

## દેવગઢ બારીઆના આપના વિધાનસભાના જાહેર થયેલ ઉમેદવાર

# ભરત વાખળાના ભાઈએ લખણગોજીયા ગામે પત્નિના આડા સંબંધની શંકાએ હત્યાનો પ્રયાસ કર્યો

દાહોદ,

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના લખણગોજીયા ગામે પત્ની સાથેના આડા સંબધની અદાવતમાં થયેલા ઝઘડામાં દેવગઢ વિધાનસભાના આપના જાહેર થયેલા ઉમેદવાર ભરત વાખળાના ભાઈએ બહાર ગામ જઈ રહેલા ગામના બે વ્યક્તિની બાઈકને રસ્તામાં સ્કોર્પીયો ગાડી વડે મારી નાંખવાના ઈરાદે ટક્કર મારી નીચે પાડી જીવલેણ હુમલો કર્યો હતો ત્યારબાદ સ્કોર્પીયો ગાડી લઈ હુમલાખોરો નાસી ગયા હતા. ઘટનાને પગલે સમગ્ર દાહોદ જિલ્લામાં ચકચાર સાથે ખળભળાટ મચી જવા પામ્યો હતો. ઘટનાને પગલે દાહોદ જિલ્લાના રાજકારણમાં પણ અનેક ચર્ચાઓએ ભારે જોર પકડ્યું હતું.

પત્ની સાથે આડા સંબંધની શંકાએ તકરાર કરી દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના લખણાગોજીયા ગામના વાખળા ફળિયામાં રહેતો ઈશ્વરભાઈ પ્રતાપભાઈ વાખળાએ તેની પત્ની સાથે તેના ગામના બારીયા ફળિયાનો મુકેશભાઈ બાબુભાઈ બારીયા આડો સંબંધ રાખતો હોવાની અદાવત રાખી તકરાર કરી હતી ત્યારબાદ ધાનપુર તાલુકાના લખણગોજીયા ગામના મુકેશભાઈ બાબુભાઈ બારીયા તથા શૈલેષભાઈ દીપસીંગભાઈ બારીયા બંને જણા એક બાઈક ઉપર બેસીરામપુર ગામેથી લખણપુર ગામે જતા હતા. સ્કોર્પીયોથી બાઈકને ટક્કર મારી પાડી દેતા જીવલેણ ઈજાઓ પહોંચી તે દરમિયાન ઈશ્વર પ્રતાપ વાખળા પોતાની જીજે–૧૭–બીએ–૬૬૬૭ સ્કોર્પિયો ગાડીથી મુકેશ બારીયા તથા તેની સાથેના યુવકને મારી નાંખવાના ઈરાદે બાઈકને ટક્કર મારી નીચે પાડી દઈ જીવલેણ ઈજાઓ પહોંચાડી ગાડી લઇને નાસી ગયો હતો. હત્યાના પ્રયાસનો ગુનો નોંધવામા આવ્યો આ સંદર્ભે મુકેશભાઇ બાબુભાઇ બારીયા ધાનપુર પોલીસ મથકે ઈશ્વર પ્રતાપ વાખળા વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે હત્યાની કોશીષનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# દે.બારીઆ નગરમાં પરણિતાના ઘરમાં ઘુસી જઇ ઇસમે દુષ્કર્મ આચરી તેના જેલમાં રહેલ પતિને મારી નાખવાની ધમકી આપી

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ નગરમાં એક પરણિતાનો ઘરમાં એકલતાનો લાભ લઈ એક ઈસમ પરણિતાના ઘરમાં ઘુસી જઈ પરણિતા ઉપર બળજરીપુર્વક દુષ્કર્મ આચરી પરણિતાનો પતિ જેલમાં હોઈ મારી નાંખવાની ધમકીઓ આપી ફરાર થઈ જતાં આ સંબંધે પોલીસમાં ફરિયાદ નોંધાતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

થોડા દિવસો પહેલાં દાહોદ જિલ્લાના લખણગોજીયા ગામે એક વ્યક્તિએ પોતાની પત્નિ સાથે આડા સંબંધ હોઈ ધાનપુર તાલુકાના લખણગોજીયા ગામે રહેતાં મુકેશભાઈ બાબુભાઈ બારીયા તથા તેની સાથેના અન્ય એક વ્યક્તિની મોટરસાઈકલને અડફેટમાં લઈ મારી નાંખવાની કોશિષ કરી હતી. આ અંગેની ફરિયાદ ધાનપુર પોલીસ મથકે નોંધાંવવા પામી હતી. આ બાદ પોલીસે આરોપી વ્યક્તિની અટકાયત કરી જેલ ભેગો કર્યો હતો ત્યારે જેલમાં રહેલ વ્યક્તિની પત્નિ દ્વારા ધાનપુર તાલુકાના લખણગોજીયા ગામે રહેતાં મુકેશભાઈ બાબુભાઈ બારીયા સામે ફરિયાદ નોંધાંવી હતી કે, ગત તા. ૧૯મી ઓગષ્ટના રોજ મુકેશભાઈ જ્યારે પરણિતા એકલી ઘરમાં હતી ત્યારે મુકેશભાઈ પરણિતાનો એકલતાનો લાભ લઈ ઘરમાં ઘુસી ગયો હતો અને પરણિતાનું મોંઢુ દબાવી બળજરીપુર્વક પરણિતા ઉપર દુષ્કર્મ આચર્યું હતું અને મુકેશભાઈ પરણિતાને કહેલ કે, તારો પતિ હાલમાં જેલમાં છે એટલે જો તું જો કોઈની કહીશ તો તને અને તારા પતિને મારી નાંખીશુ, તેવી ધમકીઓ આપી મુકેશભાઈ નાસી ગયો હતો.

આ સંબંધે દુષ્કર્મનો ભોગ બનેલ પરણિતાએ દેવગઢ બારીઆ પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ધાનપુર પાવ ગામે પોલીસે રેઈડ કરી ૧.૫૦ લાખનો ઇંગ્લીશ દારૂ સાથે બે ઈસમોને ઝડપ્યા

દાહોદ,

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના પાવ ગામે વિદેશી દારૂનું વેચાણ અને હેરાફેરી કરતાં સ્થળ પર પોલીસે ઓચિંતી પ્રોહી રેડ પાડતાં બુટેલગરોમાં નાસભાગના દ્રશ્યો સર્જાઈ જવા પામ્યાં હતા ત્યારે પોલીસે એક તુફાન ફોર વ્હીલર ગાડી અને એક બુલેટ ટુ વ્હીલર ગાડી કબજે કરી તુફાન ફોર વ્હીલર ગાડીમાંથી વિદેશી દારૂનો કુલ રૂા.૧,૫૦,૩૪૧નો જથ્થો કબજે કરી વાહનો મળી કુલ રૂા.૫,૬૦,૩૪૧નો મુદ્દામાલ કબજે કરી બે ઈસમોની અટકાયત કરી હોવાનું જાણવા મળે છે.

ગત તા.૦૬ સપ્ટેમ્બરના રોજ ધાનપુર પોલીસને મળેલ બાતમીના આધારે પાવ ગામે નાકાબંધી કરી આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરતાં હતાં તે સમયે ત્યાંથી એક તુફાન ફોર વ્હીલર ગાડી તથા તેની પાછળ તુફાન ફોર વ્હીલર ગાડીની પાઈલોટીંગ કરી રહેલ એક બુલેટ ટુ વ્હીલર ગાડીનો ચાલક પસાર થઈ રહ્યો હતો. પોલીસને તેઓની ઉપર શંકા જતાં પોલીસે ગાડીઓ ઉભી રાખવાનો ઈશારો કરતાં ગાડીના ચાલકો પોલીસને જોઈ ભાગવાનો પ્રયાસ કરતાં હતાં જેમાંથી પોલીસે ફોર વ્હીલર ગાડીમાં સવાર ચાલક અલ્કેશભાઈ બાબુભાઈ સંગોડ (રહે. ડુમકા, દુકાન ફળિયુ, તા. ધાનપુર, જિ.દાહોદ) અને તેની સાથેનો રાહુલભાઈ બાબુભાઈ પસાયા (રહે. રાછવા, ટાંકી ફળિયું, તા. ધાનપુર, જિ.દાહોદ) નાઓને પોલીસે તુફાન ફોર વ્હીલર ગાડી સાથે ઝડપી પાડ્યાં હતાં ત્યારે બુલેટ ટુ વ્હીલર ગાડી પર સવાર વિનુભાઈ મગનભાઈ માવી અને કૌશલભાઈ મગનભાઈ માવી (બંન્ને. રહે. કૌટંબી, માવી ફળિયુ, તા. ધાનપુર, જિ.દાહોદ) નાઓ પોતાના કબજાની બુલેટ ટુ વ્હીલર ગાડી સ્થળ પર મુકી નાસી જવામાં સફળ રહ્યાં હતાં. પોલીસે તુફાન ફોર વ્હીલર ગાડીની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂની કુલ બોટલો નંગ. ૧૧૪૯ કિંમત રૂા.૧,૫૦,૩૪૧ અને બંન્ને વાહનો તેમજ વિગેરે મુદ્દામાલની કિંમત મળી કુલ રૂા.૫,૬૦,૩૪૧નો મુદ્દામાલ પોલીસે કબજે કરી ધાનપુર પોલીસે આ સંબંધે ઉપરોક્ત તમામ ઈસમો વિરૂધ્ધ પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઝાલોદ અને લીમડી નગરમાં ગણેશ મંડળો દ્વારા દરરોજ નવા નવા પ્રોગ્રામોનું આયોજન



ઝાલોદ,

ઝાલોદ અને લીમડી નગરમાં વિવિધ ગણેશ મંડળો દ્વારા દરરોજ નવા નવા આયોજન કરી ભક્તોને આકર્ષી રહ્યાં છે, જેમ જેમ વિસર્જનનો સમય નજીક આવતો જાય છે તેમ તેમ ધાર્મિક ભક્તો પણ દરેક ગણેશ પંડાળો પર જઈ દર્શન કરી રહ્યા છે, દરેક ગણેશ ઉત્સવ સમિતિ દ્વારા ખુબજ આકર્ષક સજાવટ તેમજ વિવિધ ઝાંખીઓ લોકોનું ધ્યાન આકર્ષિત કરી રહી છે, દર રોજ છપ્પન ભોગ, મહા આરતી, ભજન સંધ્યા, સુંદરકાંડ, ગરબા, બાળકોની બાળ રમત લોકોને આકર્ષી રહી છે, દર્શન કરવા અને વિવિધ ધાર્મિક પ્રોગ્રામનો લ્હાવો લેવા ભક્તોનો પણ ખૂબ મોટા પ્રમાણમાં ઘસારો જોવાઈ રહ્યો છે. દરેક ગણેશ મંડળો એક થી એક ધાર્મિક પ્રોગ્રામોનું આયોજન કરી રહ્યા છે દરેક ગણેશ મંડળોના સરસ આયોજનને ભક્તો પણ વધાવી રહ્યા છે અને તેથી આયોજકોના ઉત્સાહમાં પણ વધારો થતાં જોવા મળી રહેલ છે.



દાહોદ જિલ્લા ફતેપુરા તાલુકાના જાગૃતિ કન્યા વિદ્યાલય ફતેપુરા ખાતે સ્વશાસન દિન ની ઉજવણી કરવામાં આવી તેમાં શાળાની વિદ્યાર્થીનીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. અને શાળા ના શિક્ષકો દ્વારા સમગ્ર વિદ્યાર્થીનીઓ મૂલ્યાંકન કરવામાં આવ્યું જેમાં શાળા ના બાળકોએ શિક્ષક તરીકે ફરજ બજાવી હતી સમગ્ર સંચાલન આચાર્ય તરીકે શિલ્પાબેન મછારે કર્યું હતું.

# દાહોદના ચંદવાણા ગામની પરણીતાને દહેજ માટે ત્રાસ આપતાં સાસરીયા અને પતિ વિરૂધ્ધ ફરિયાદ નોંધાઇ

દાહોદ,

દાહોદ તાલુકાના ચંદવાણા ગામે એક પરણિતાને તેના પતિ તથા સાસરીયાઓ દ્વારા દહેજની માંગણી કરી શારિરીક અને માનસીક ત્રાસ આપતાં પરણિતાએ ન્યાયની ગુહાર માટે મહિલા પોલીસ મથકના દરવાજા ખટખટાવ્યાં છે.

દાહોદ તાલુકાના બોરખેડા ગામે લબાના ફળિયામાં હાલ પોતાના પિયરમાં રહેતી અને ચંદવાણા ગામે લબાના ફળિયામાં લગ્ન કરાવેલ પ્રિયંકાબેન પંકજકુમાર બડદવાલના લગ્ન તા.૧૦.૦૫.૨૦૦૯ના રોજ તેમના સમાજના રીત રીવાજ મુજબ થયાં હતાં. લગ્ન જીવન દરમ્યાન પ્રિયંકાબેનને સંતાનમાં બે પુત્રીઓ હતી. લગ્નના થોડા સમય સુધી પતિ પંકજકુમાર પ્રતાપસિંહ બડદવાલ અને સાસરીપક્ષના પ્રતાપસિંહ બળવંતસિંહ બડદવાલ, શુશીલાબેન પ્રતાપસિંહ બડવાલે સારૂ રાખ્યાં બાદ પરણિતા પ્રિયંકાબેન ઉપર પતિ તથા સાસરીયાઓએ પોત પ્રકાશ્યું હતું અને પતિ દ્વારા એકવાર લોખંડની પાઈપ પ્રિયંકાબેનને ડાબા હાથે મારી દિધેલ હતી ત્યાર બાદ અવાર નવાર મેળા ટોળા મારી પતિ પંકજકુમાર પરણિતા પ્રિયંકાબેનને કહેલ કે, તુ તારા બાપાના ઘરેથી દહેજમાં પંદર લાખ રૂપીયા લઈ આવ તેમજ પ્રિયંકાબેનના સાસુ અને સસરા દ્વારા પરણિતા પ્રિયંકાબેનને ધાકધમકીઓ આપી, તુ આ ઘરમાંથી નીકળી જા, અમારે બીજી પત્નિ લાવવાની છે, તેમ કહી અવાર નવાર મેળા ટોળા મારી પ્રિયંકાબેનને શારિરીક અને માનસીક ત્રાસ આપી પહેરેલ કપડે પ્રિયંકાબેનને ઘરમાંથી કાઢી મુકતાં પ્રિયંકાબેન તેના પિયરમાં આવી પહોંચી હતી અને આ સંબંધે પ્રિયંકાબેન પંકજકુમાર બડદવાલે પોતાના પતિ તથા સાસુ, સસરા વિરૂધ્ધ દાહોદ મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દે.બારીઆના પીપલોદ ગામે વાહન ચેકીંગ દરમિયાન બંધ બોડીની ટ્રકમાંથી ૨૨.૧૬ લાખનો ઈંગલીશ દારૂ ઝડપ્યો

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના પીપલોદ ગામે વાહન ચેકીંગ દરમ્યાન પીપલોદ પોલીસને મળેલ બાતમીના આધારે એક બંધ બોડીની ટ્રકમાંથી પોલીસે રૂા.૨૨,૧૬,૨૮૦ના વિદેશી દારૂના જંગી જથ્થા સાથે ટ્રક મળી કુલ રૂા.૩૬,૧૯,૨૮૦ના મુદ્દામાલ સાથે ટ્રકના ચાલકની અટકાયત કરી હોવાનું જાણવા મળે છે. દાહોદ જિલ્લામાં આગામી તહેવારોને લઈ બુટલેગરો તેમજ વિદેશી દારૂની હેરાફેરી કરતાં તત્વો બેફામ બની રહ્યાં છે ત્યારે દાહોદ જિલ્લા પોલીસ વડાની સુચના અને માર્ગદર્શન હેઠળ દાહોદ જિલ્લાની તમામ પોલીસ દ્વારા નાસતા ફરતાં આરોપીઓ અને બુટેલગરો ઉપર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે ત્યારે ગતરોજ દેવગઢ બારીઆની પીપલોદ પોલીસને મળેલ બાતમીના આધારે પીપલોદ નગર ખાતે માતાનવડ બસ સ્ટેશન નજીક ચોકડી પાસે મળેલ બાતમીના આધારે આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરી રહી હતી તે સમયે બાતમીમાં દર્શાવિલ એક બંધ બોડીની ટ્રક ત્યાંથી પસાર થતાં પોલીસ સાબદી બની હતી અને ટ્રક નજીક આવતાની સાથે તેને પોલીસે ચારેય તરફથી ઘેરી લઈ ટ્રકના ચાલક કિશનલાલ મોડારામ ચૌધરી (જાટ) (રહે. રતાસર, તા.ચૌહાટન, જી. બાડમેર, રાજસ્થાન) નની અટકાયત કરી પોલીસે તેની પુછપરછ કરતાં પોલીસને સંતોષકારક જવાબ મળ્યો ન હતો જેથી પોલીસે ટ્રકની તલાસી લેતાં પોલીસ ચોંકી ઉઠી હતી. બંધ બોડીની ટ્રકમાં ચોરખાનું બનાવી અંદર વિદેશી દારૂની પેટીઓ ગોઠવેલ હતી. પોલીસે વિદેશી દારૂની પેટીઓ નંગ ૬૪૦ જેમાં કુલ બોટલો નંગ ૭૬૮૦ કિંમત રૂા.૨૨,૧૬,૨૮૦ના પ્રોહી જથ્થા સાથે ચાલક પાસેથી મોબાઈલ ફોન તેમજ ટ્રકની કિંમત મળી પોલીસે કુલ રૂા.૩૬,૧૬,૨૮૦નો મુદ્દામાલ કબજે કરી ઉપરોક્ત ચાલક વિરૂધ્ધ પીપલોદ પોલીસે પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.16

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# ગોધરા નગરપાલિકા વિસ્તારમાં ત્રણ ગ્રામ પંચાયતોનો સમાવેશના હુકમથી હડકંપ

ગોધરા,

સને–૨૦૧૫માં સરકાર દ્વારા ગોધરા તાલુકાના વાવડી, ભામૈયા અને ચિખોદરા આ ત્રણેય ગ્રામ પંચાયતો ગોધરા શહેર વિસ્તારને અડીને આવેલ હોવાથી આ ત્રણેય ગામોનો સમાવેશ ગોધરા નગર પાલિકા વિસ્તારમાં કરવો તે પ્રકારનું એક નોટિફિકેશન સરકાર દ્વારા જારી કરવામાં આવ્યું હતું જેને લઈને પંચાયતી રાજમાં ભારે હડકમ મચી જવા પામ્યો હતો ત્યાર બાદ સરકારના આ નોટિફિકેશનને સને ૨૦૧૬માં વાવડી પંચાયતના સત્તાધીશોએ હાઈકોર્ટમાં પડકારીને આ નોટિફિકેશન સામે સ્ટે મેળવી લીધો હતો અને તાજેતરમાં કરાયેલી પિટિશનની સુનાવણી થતાં હાઈકોર્ટે વાવડી ગ્રામપંચાયતની પિટિશનને રદ કરતો હુકમ કર્યો હતો. જાણવા મળ્યા મુજબ આ ત્રણેય ગ્રામપંચાયતો ગોધરા શહેર વિસ્તારને અડીને આવેલી હોવાથી નગર પાલિકા દ્વારા સરકારની ગ્રાન્ટમાંથી લોકોની સુખાકારી માટે વિકાસના કામો પણ થયેલા હોવાની નોંધ હાઈકોર્ટે લીધી હોવાથી તાજેતરમાં સુનાવણી દરમ્યાન વાવડી પંચાયતની પિટિશન હાઈકોર્ટે રદ કરતા પંચાયતી સત્તાધીશોમાં ભારે ચર્ચાનો વિષય બન્યો હતો આ ત્રણ ગ્રામપંચાયતો પૈકી વાવડી પંચાયત સૌથી મોટી પંચાયત છે અને આ પંચાયતનો અડધો વિસ્તાર ગોધરા શહેરને અડીને આવેલો છે તાજેતરમાં જ વાવડી પંચાયત ના ગેરરીતિના પ્રકરણમાં ભારે ચર્ચા માં આવી હતી અને જવાબદાર અધિકારીઓ દ્વારા વાવડી પંચાયતના રેકર્ડ કબ્જે લઈ જરૂરી તપાસ પણ હાથ ધરવામાં આવી હતી.

# ઘોઘંબા રેફરલ હોસ્પિટલના તબીબી પારસ પટેલની બદલીનો પ્રચંડ વિરોધ
## ઘોઘંબા આગેવાનોએ બદલી રોકવા મામલતદારને આવેદનપત્ર આપ્યું


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકામાં છેલ્લા ૧૭ વર્ષથી આરોગ્ય ક્ષેત્રે ઉમદા સેવા આપનાર રેફર હોસ્પિટલના મેડિકલ ઓફિસર પારસભાઈ પટેલની બદલી થતા તેના ઘેરા પ્રત્યાઘાતો પડ્યો છે. જેમાં મેડિકલ ઓફિસરની બદલી રદ કરવા માટે ઘોઘંબા મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જેમાં ઘોઘંબા તાલુકાના માજી સરપંચ તેમજ ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના કાર્યકરો બદલી મુદ્દે એક થઈ બદલી ન થાય તે માટે આવેદન પત્ર આપી જો આ બદલી ન રોકાય તો આગામી સમયમાં ગાંધી ચિધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી અને આ બદલી મોલ ના એક કેસને આપઘાત માં ખપાવવાં ખોટો ડખ રિપોર્ટ માગનાર એક રાજકીય આગેવાનના તાબે ન થતા બદલી કરાઈ હોવાના આક્ષેપો થયા હતા.

ઘોઘંબા તાલુકામાં છેલ્લા ૧૭ વર્ષથી તબિબી ક્ષેત્રમાં ૨૪ કલાક સરકારી દવાખાનામાં ડોક્ટર પારસ પટેલ સેવા આપી છે. જેમાં અત્યાર સુધીમાં ૧૫ હજારથી પણ વધુ પ્રસુતાઓને નોર્મલ ડિલિવરી કરાવી છે ઘોઘંબા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પારસ પટેલ દેવદૂત તરીકે ઓળખાય છે જેના કારણે મહિલાઓની ડીલેવરી સરકારી દવાખાનામાં જ થતી હોવાથી ગ્રામ્ય વિસ્તારની ગરીબ પ્રજા ખાનગી દવાખાનાના મોટા ખર્ચા માંથી બચી જતી હતી. ત્યારે કેટલાક ભાજપના રાજકીય આગેવાન દ્વારા બદલી કરવામાં આવી હોવાની વાતો ઘોઘંબા તાલુકામાં ફરતી થતા લોકોએ નેતાઓ પ્રત્યે રોષ વ્યક્ત કરી મેડિકલ ઓફિસરની બદલી રોકવા માટે આવેદનપત્ર આપ્યું હતું.

છેલ્લા બે દિવસથી તબીબી ની બદલી થતાં ઘોઘંબા હોસ્પિટલમાં અફરાતફરી જેવો માહોલ સર્જાય છે. દવાખાને આવેલા ગ્રામ્ય વિસ્તારના લોકો તેમજ પ્રસુતા મહિલાઓને ન છૂટકે ખાનગી દવાખાનામાં જઈ મોંઘા ભાવે ઈલાજ કરાવવો પડી રહ્યો છે.

ઘોઘંબા મેડિકલ ઓફિસરની બદલીએ રાજકારણમાં હલચલ મચાવી છે એક નેતાએ બદલી નહી રોકાય તેવા વાક્યો કહેતા યુવાનો તથા આગેવાનો માં રોષ ફેલાયો હતો. તેના પ્રત્યાઘાતો આગની વિધાનસભામાં પડે તેવા પરિબળો ઊભા થયા છે. મેડિકલ ઓફિસર ના સમર્થનમાં આજે સ્વયંભૂ આવેદનપત્ર આપવાના કાર્યક્રમમાં જોડાયા હતા જેમાં માજી સરપંચ તથા તેમજ નવ યુવાનો આદિવાસી સમાજના આગેવાનો જોડાયા હતા. અને આગમી વિધાનસભામાં આનો જવાબ આપવાનો નક્કી કર્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે આ બદલી કેટલાકની કારકિર્દી પૂરી કરશે તે વાત ચોક્કસ છે આવેદનપત્ર આપવાના કાર્યક્રમમાં તમામ પક્ષોના આગેવાનો એક મંચ ઉપર આવી આ બદલી રોકવાનું સમર્થન કરી રહ્યા છે ત્યારે સમર્થકો દ્વારા રોકો રોકો બદલી રોકો પારસ સાહેબ કોણ છે ગરીબોના બેળી છે જેવા સુત્રો ચાર સાથે આવેદનપત્ર આપી આગમી સમયમાં ગાંધી ચીધ્યા માર્ગ જઈ આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

### ગોધરા તાલુકાના મડા મહુડીના સરપંચ પદ માટે
# અનુસુચિત જાતિના બોગસ પ્રમાણપત્ર મામલે તકેદારી વિભાગે પ્રમાણપત્ર ન આપ્યાનો અહેવાલ આપાયો




ગોધરા,

ગોધરા તાલુકાના ૨૦૨૧ની ગ્રામ પંચાયતોની યોજાયેલ ચૂંટણીઓમાં મડા મહુડી ગ્રામ પંચાયતની ચૂંટણીમાં સરપંચ પદે વિજેતા થયેલા મહિલા સરપંચ રંગીતાબેન સંજયભાઈ તડવીનું અનુસૂચિત જન જાતિનું પ્રમાણપત્ર બોગસ હોવાનું પોલીસ તંત્રની આ તપાસનો અહેવાલ પોલીસ અધિક્ષકને સુપ્રત કરવામાં આવ્યો હોવાની ખબરોથી મડા મહુડી ગામના પ્રજાજનોમાં ન્યાય મળશેનો આનંદ પ્રસરી જવા પામ્યો છે. જયારે અનુસૂચિત જન જાતિના બોગસ પ્રમાણપત્રના આધારે સરપંચ બનનારા રંગીતાબેન તડવી ફરતે કાયદેસર કાર્યવાહીનો સંકજો વધુ મજબૂત બને એવી શક્યતાઓ શરૂ થવા પામી છે.!!

ગોધરા તાલુકાના મડા મહુડી ગ્રામ પંચાયતની ગત ડિસેમ્બરમાં યોજાયેલ ચૂંટણીમાં સરપંચ પદ માટે આદિજાતિ સ્ત્રી અનામત બેઠક ઉપર તડવી રંગીતાબેન સંજયભાઈ એ ઉમેદવારી પત્ર ભર્યુ હતું. એમાં તા.૧૩–૧૧–૧૯૯૯ના રોજ પ્રમાણપત્ર નં.૪૨૮૯ અનુસૂચિત જન જાતિના પ્રમાણપત્રને સામેલ કર્યુ હતું.જાતિ પ્રમાણપત્ર અંગેના ગ્રામજનોના ભારે વિરોધ વચ્ચે મડા મહુડીના સરપંચ પદે રંગીતાબેન તડવી ચૂંટાઈ આવ્યા હતા.

જો કે ગોધરા તકેદારી અધિકારી દ્વારા આ તારીખે કોઈપણ પ્રમાણપત્ર આપવામાં આવ્યા નથી પરંતુ પ્રમાણપત્ર નંબર ૪૨૮૯ મુડવાડા મુકેશભાઈ સોમાભાઈ રહે.ચૂંદડી તાલુકો લીમખેડાના નામે નોંધાયેલ હોવાનો લેખિત અભિપ્રાય આપ્યો છે.

આ સંદર્ભમાં મડા મહુડી ગામના રંગીતાબેન સંજયભાઈ તડવી એ ગ્રામ પંચાયતની યોજાયેલ ચૂંટણીમાં ગોધરા મામલતદાર કચેરીમાં સરપંચ પદની ઉમેદવારીમાં અનુસૂચિત જનજાતિનું બોગસ પ્રમાણપત્ર રજૂ કરીને ઉમેદવારી પત્ર ભર્યુ આ પ્રાથમિક તપાસમાં ગુન્હો કર્યો હોવાનું જણાઈ આવતું હોઈ આ સંદર્ભમાં કરવામાં આવેલ તપાસનો અહેવાલ પંચમહાલ પોલીસ અધિક્ષકને અંદાઝે બે મહિના પૂર્વે મોકલી આપવામાં આવ્યો હોવાની ખબરો સાંભળ્યા બાદ મડા મહુડીના ગ્રામજનો આનંદમાં તો છે. પરંતુ બોગસ જાતિ પ્રમાણપત્રના આધારે સરપંચ બનેલા રંગીતાબેન તડવી સામે કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવે એવી પ્રતિક્ષાઓમાં છે.!!

# મૈત્રીયી ગુરૂકુલમ ગોધરા ખાતે નવીન છાત્રાલયનું ભૂમિ પૂજન કરાયું



ગોધરા,

વિદ્યા ભારતી અખિલ ભારતીય શિક્ષા સંસ્થાન સાથે સંલગ્ન વિદ્યા ભારતી ગુજરાત પ્રદેશ સંલગ્ન અને જનહિત ઉત્કર્ષ સમિતિ સંચાલિત ગોધરામાં આવેલ મૈત્રી ગુરૂકુલમ ના નવીન છાત્રાલયનું ભૂમિ પૂજન સમાજના વિવિધ અગ્રણીઓ, સંઘના આગેવાનો અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં ગોધરા ખાતે યોજાઈ ગયો, જેમાં આશરે ત્રણસો ઉપરાંત બાલિકાઓ રહીને અભ્યાસ કરી શકે તેવા અત્યાધુનિક છાત્રાલયનું ભૂમિ પૂજન ધાર્મિક વિધિ સાથે કરવામાં આવ્યું છે. આ નવીન છાત્રાલયમાં બેડ સાથે કબાટ, સ્ટડી ટેબલ, એટેચ સેનિટેસન ઉપરાંત આધુનિક સગવડો સાથેનું કિચન જેમાં ડાઈનિંગ ટેબલ, પીરસવા માટેની ટ્રોલી, રોટલી બનાવવાના મશીન, શાકભાજી સમારવાની આધુનિક ટેકનોલોજીના સાધનો ઉપરાંત અધિકારી નિવાસ, શિક્ષક નિવાસ અને સર્વન્ટ ક્વાર્ટર પણ બનાવવા નું આયોજન છે.

અત્રે ઉલ્લેખનીય છે કે હાલમાં સમગ્ર ગુજરાતમાંથી ૧૨૫ જેટલી દીકરીઓ અહીં અભ્યાસ કરી રહી છે, ઉપરાંત સમગ્ર ગુજરાતનું આ એકમાત્ર આવાસીય વિદ્યાલય છે જેનું ધોરણ–૧૦નું ગત વર્ષનું પરિણામ સો ટકા આવેલ છે.

કુદરતી અને મનોરમ્ય સ્થળે આવેલું આ છાત્રાલય અને તેમાં શિસ્તબદ્ધ રીતે બાલિકાઓ જે રીતે અભ્યાસ કરે છે અને ભારતીય સંસ્કૃતિ અને પરંપરાઓને જે રીતે અભ્યાસ સાથે વણી લેવામાં આવ્યું છે તે ખરેખર દાદ માંગી લે તેવું મહામૂલૂ કાર્ય છે ત્યારે આ સંસ્થાના શિક્ષકો અને સંચાલકોને ખરેખર બિરદાવવા લાયક છે.


# નદીસર ગામના પ્રસ્થાપિત શ્રીજીના દર્શન


ભાથીજી મંદિર, નદીસર


લીમડીવાળુ ફળીયું, નદીસર


રામજી મંદિર, નદીસર


ગણપતી મંદિર, નદીસર


મોટુ ફળીયું, નદીસર



શ્રીમાળી શેરી, નદીસર

તસ્વીર : હિમાંશુ પંડ્યા, નદીસર


કાળી ટેકરી, નદીસર


પંડીયા હાઉસ, નદીસર



તળાવ ફળીયું, નદીસર


ખડકી ફળીયું, નદીસર


પોસ્ટ વાળુ, નદીસર


વાડી મોહોલ્લો, નદીસર

# હાલોલમાં રખડતા પશુઓમાં લમ્પી વાયરસના લક્ષણો જણાયા : પાલિકા તંત્ર તકેદારી રાખે તે જરૂરી



હાલોલ,

હાલોલમાં ખુલ્લા રખડતા પશુઓમાં લમ્પી વાયરસના લક્ષણ જોવા મળતા પશુપાલકો ચિંતિત બન્યા છે. શાક માર્કેટમાં ત્રણ દિવસથી લંપી વાયરસના લક્ષણ વાળી ગાયને પશુપાલક દ્વારા તરછોડી દેવાયેલી હાલતમાં લાવરિસ ફરી રહી છે. ત્યારે પાલિકા દ્વારા આ વાયરસ અન્ય પશુઓમાં ન ફેલાય તે માટે તકેદારી લેવામાં આવે તે જરૂરી બન્યું છે.

લમ્પી નામના ભયાનક વાયરસે અનેક પશુઓના જીવ લીધા છે. ત્યારે આ વાયરસના લક્ષણો હાલોલના પશુઓમાં પણ જોવા મળી રહ્યા છે. જેને લઈ પશુપાલકોમાં ફફડાટ ફેલાયો છે, દિવસ દરમિયાન રસ્તે રખડતી ગાયોમાં એક ગાય શાક માર્કેટમાં આવા વાયરસના લક્ષણો ધરાવતી જોવા મળી છે. આ ગૌ છેલ્લા ત્રણ દિવસથી એક જ વિસ્તારમાં આમ તેમ ફરી રહી છે, ગૌ માતા છે એટલે તેના પ્રત્યે લોકોમાં દયા છે અને ખાવાનું આપે છે. પરંતુ ગાયને આખા શરીરે ઢીમચા આપતા પણ સંકોચ કરી રહ્યા છે.

સૌરાષ્ટ્રમાં અનેક પશુધનને ખાઈ જનાર લમ્પી વાયરસના લક્ષણ હાલોલના અન્ય પશુઓમાં ફેલાયએ પહેલાં હાલોલ નગર પાલિકા દ્વારા આ ગૌ માતાના માલિકને શોધી તેની સારવાર કરાવવા અંગે કોઈ પગલાં લે તે જરૂરી બન્યું છે. લમ્પી વાયરસ અન્ય પશુઓમાં ફેલાયો છે કે કેમ? તે તપાસ કરી વેકસીનેશનની કામગીરી કરવામાં આવે એ પણ જરૂરી છે.


લીમખેડા તાલુકાની પરમારના ખાખરીયા પ્રાથમિક શાળામાં શાળાના આચાર્ય અને શિક્ષકો દ્વારા શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના બાળકોએ ભાગ લઈ શિક્ષકોની ભૂમિકા ભજવી હતી. જેમાં બાળકોને શિક્ષકો અને આચાર્ય બનાવવામાં આવ્યા હતા. તેમજ તે આચાર્યએ આખો દિવસ શાળાનું સંચાલન કર્યું હતું.